Anoopam Mission

દીપોત્સવી અંક

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઓક્ટોબર ૨૦૨૪ * વર્ષ ૩૯ * અંક ૭




કથાવાર્તા, ધૂન-ભજન-પ્રાર્થનાઓ સાથે નિર્દોષભાવથી
સેવા-ભક્તિ કરતાં કરતાં પ્રભુ પ્રસન્નતાનાં પાત્રો બની
જીવનની ધન્યતાનો ખરો આનંદ માણીએ અને વહેંચીએ.

॥ નૂતન વર્ષાભિનંદન ॥

![Anoopam Mission]

॥સ્વામીશ્રીજી॥

નવું વર્ષ - ૨૦૮૧.

સર્વ વ્હાલા સંતો, વ્હાલા અક્ષરમુક્તો.... ભાવભર્યાં જયશ્રી સ્વામિનારાયણ!

નૂતન વર્ષાભિનંદન!

આપણે પ્રભુપ્રસન્નતાર્થે જીવન જીવતા સૌ અક્ષરમુક્તો,

૧. રોજ અડધો કલાક ધૂન કરીશું.

૨. અઠવાડિક સત્સંગ સભા કરીશું, તેમાં હાજરી આપીશું.

૩. શ્રી વચનામૃત, શ્રી સ્વામીની વાતુંનો રોજ પાઠ કરીશું.

૪. આપણી આવકનો અને કમાણીનો પાંચ ટકા અથવા દશ ટકા ધર્માદો ગુરુવચને પ્રભુ સેવામાં અર્પણ કરીશું.

૫. કોઈની પણ માથાકૂટ, ભાવફેર, અમહિમામાં ન પડતાં સદાય ગુણગાન-મહિમા ગાવા-સાંભળવા-જોવામાં જ આનંદ માણીશું.

૬. સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળીને સત્સંગનાં સઘળાં કાર્યો ગુરુવચને કરીશું.

શરૂ થતા સંવત-૨૦૮૧ના નવા વર્ષના પ્રારંભે આ સંકલ્પો કરી, નવા ઉત્સાહ, ઉમંગ સાથે કથાવાર્તા, ધૂન-ભજન-પ્રાર્થનાઓ સાથે નિર્દોષભાવથી સેવા-ભક્તિ કરતાં કરતાં પ્રભુ પ્રસન્નતાનાં પાત્રો બની તન-મન-ધન-આત્માથી સર્વ પ્રકારે સુખીયા બની જીવનની ધન્યતાનો ખરો આનંદ માણીએ અને વહેંચીએ તેવા બની રહીએ તેવા ગુરુચરણે-પ્રભુચરણે નવા વર્ષના પ્રારંભે અમો સૌની પ્રાર્થનાઓ છે.

રાજી રહેશો.

આપના જ સુહૃદો,

સાધુ અચિંતનદાસજી, સાધુ મનોજદાસજી, સાધુ રમલદાસજી,

સૌ સંતો સાથે સાધુ જશુદાસજીના જયશ્રીસ્વામિનારાયણ!

॥ નૂતન વર્ષાભિનંદન ॥

૨૭ ઓક્ટોબર ૨૦૨૪, શ્રી ગાંધી ભાંત-

બ્રહ્મજ્યોતિ, એલનટાઉન, અમેરિકા.

**Anoopam Mission USA**
Brahmajyoti,
2120, Clearview Road,
Coplay, PA 18037 USA
Tel: +1 610 502 1100·
Fax: +1 610 502 1200
Email: amusa@anoopam-mission.org
**www.anoopam.org**

A Non Profit Organisation.
Charity Reg. No. 13-3563113

# નવલ વર્ષારંભે
# સંતભગવંત સાહેબજીના
# રૂડા આશીર્વાદ





અનાદિ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યની શરદ પૂર્ણિમાએ
તથા નૂતન વર્ષ-૨૦૮૧ના પ્રારંભે
આપણા શેષ જીવનને પ્રભુની બંસરીરૂપ, પ્રભુના દિવ્ય કાર્યના વાહકરૂપ બનાવીએ !

**'બ્રહ્મનિર્ઝર'**નો આ વિશેષ અંક આપ વાંચી રહ્યા છો ત્યારે ભક્તિ-શક્તિની આરાધનાનાં મહાપર્વો મા ભગવતીનાં પૂજા-અર્ચનાની શારદીય નવરાત્રિ સંપન્ન થયાં છે, દશેરા ઉજવાઈ છે.

અનાદિ અક્ષરબ્રહ્મ સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના પ્રાગટ્યની શરદ પૂર્ણિમાના શીતળ ચંદ્ર સોળે કળાએ ખીલી રહ્યા છે.

તથા, દીપોત્સવી, ભાઈબીજ અને નૂતન વર્ષના વિવિધ ઉત્સવોના ઉમંગ-ઉલ્લાસથી આપણાં હૃદય, ઘર અને ગામ-નગર આ ઉત્સવોને વધાવવા-ઊજવવા ઉત્સુક છે. આ અંકમાં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીએ દીપોત્સવી નિમિત્તે નૂતન વર્ષના જે આશીર્વાદ લખ્યા છે તેના વારંવાર વાંચન, મનન, ચિંતન કરી, તેઓની આજ્ઞા-ઉપદેશનાં વચનોને નવા વર્ષે અને સમગ્ર શેષ જીવન દરમિયાન આચરણમાં સુફલ બનાવવા આ મંગલ દિવસો દરમિયાન પ્રાર્થના કરી તેઓનાં બળ અને કૃપાની યાચના કરીએ.

વિક્રમ સંવત ૨૦૮૧નું નવું વર્ષ આપણા શેષ જીવનના પ્રથમ વર્ષ રૂપે વિશિષ્ટ બનાવી શકાય ?

એક, ભગવાનની અપરંપાર કૃપાથી આપણને દુર્લભ તેવો મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે. વિદ્વાનો અને જ્ઞાનીજનો તો કહે છે કે, આખા બ્રહ્માંડની તમામ સંપત્તિના બદલામાં આયુષ્ય સમાપ્ત થયા પછી પ્રાણવાયુનો માત્ર એક વધુ શ્વાસ મળવો અસંભવ છે. અને જીવતેજીવ આવાં અનંત બ્રહ્માંડોની સઘળી સંપત્તિના બદલામાં માણસના એક નખનો જેવો હોય તેવો એક નવો ટુકડો પણ તત્કાળ મેળવવો અશક્ય છે. તો આખા માનવ દેહ, જે સ્વયં પ્રભુનું એક ચમત્કારી સર્જન છે, તેનું મૂલ્ય તો અમાપ અને કલ્પનાથી પણ પર છે. માટે પ્રભુએ આપેલો આ દુર્લભ એવો માનવ દેહ તેની દસેય ઇન્દ્રિયો અને મન સહિત ભગવાનના પ્રગટ સ્વરૂપ અને ગુરુનાં વચન-આજ્ઞા અનુસાર ભગવાનની અને ભગવાનનાં સર્જનોની સેવામાં ભગવાનને રાજી કરવા વપરાય, પ્રયોજાય તો આ દુર્લભ દેહ દિવ્ય થઈ જાય અને નવા વર્ષે શેષ જીવન ભક્તિરૂપ બની જાય!

બીજું, ભગવાનની કૃપા, પૂર્વનાં ભક્તિરૂપ સત્કર્મો અને અથવા માતા-પિતાના સંસ્કારવારસાની પ્રાપ્તિ રૂપે આપણને દુર્લભમાં દુર્લભ સત્સંગનો સહજ યોગ થયો છે. સત્સંગનો મહિમા તો અતિશય મોટો છે. સત્સંગ તો અંતઃકરણને શુદ્ધ કરનાર અને આત્માની પરમાત્મા સાથેની એકતાને સાધનાર સામર્થ્ય ધરાવે છે.

સત્સંગનાં મહિમાગાન કરનારાં તો ૧૮ પુરાણ અને અનેક સદ્શાસ્ત્રો છે. તે સર્વના સારરૂપ વાત કહેતા અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીએ (પ્રકરણ ૧ની ૧૭મી) 'વાત'માં કહ્યું, "...સત્સંગ શું ? જે, મોટા એકાંતિક સાધુને હાથ જોડવા અને તેઓ કહે તેમ કરવું એ જ છે." અને વળી આજ 'વાત'માં સ્વામીશ્રી કહે છે કે, "ભગવાન જેવા સત્સંગે કરીને વશ થાય છે તેવા તો તપ, યજ્ઞ, યોગ, વ્રત કે દાન આદિ સાધને કરીને પણ વશ થતા નથી!" તો અનાદિ અક્ષરબ્રહ્મની પરાવાણીમાં પ્રગટ તેવા સત્સંગના અર્થ અને સારને આચરણમાં મૂકીએ તો શેષ જીવનનું આપણું પ્રથમ વર્ષ-નૂતન વર્ષ આપણા શેષ જીવનને પ્રભુની બંસરીરૂપ, પ્રભુના દિવ્ય કાર્યના વાહકરૂપ બનાવે!

અને ત્રીજું, દુર્લભોમાં પણ અતિશય દુર્લભ પ્રાપ્તિ તે માનવદેહમાં પ્રગટ ભગવાનના તત્ત્વના ધારક સાકાર ગુણાતીત સત્પુરુષ સંતભગવંત સાહેબજીની સહજ અને અનાયાસ પ્રાપ્તિ! નવા વર્ષે હૃદયની તીવ્રતાથી પ્રાર્થના કરીએ કે, "હે ગુરુહરિ સાહેબદાદા, આપનું જેવું છે તેવું યથાર્થ સ્વરૂપ ઓળખાવો, તે સ્વરૂપને વિશે નિર્વિકલ્પ તેવો ઉત્તમ નિશ્ચય (વચનામૃત લોયા ૧૨ પ્રમાણે) દૃઢ કરાવો અને આજીવન આપનું કાર્ય, આપની રીતે, આપને રાજી કરવાની એકમાત્ર ભાવના અને જીવનધ્યેયરૂપે કરતા રહીએ!"

ઉપરોક્ત ત્રણ જીવનવિચાર અને જીવનભાવનાને જાગ્રતતાપૂર્વક, આળસ-પ્રમાદ-ગાફલાઈ છોડી, પ્રભુના બળે આચરણમાં મૂકવા પ્રામાણિક રુચિ અને પ્રયત્ન કરીએ તો નૂતન વર્ષ અત્યાર સુધીના જીવનનું સર્વશ્રેષ્ઠ વર્ષ બની રહે અને શેષ જીવનના નવારંભના સર્વોત્તમ વર્ષરૂપે આપણા જીવનને દિવ્ય, આનંદસભર અને ભગવદ્ભાવયુક્ત બનાવે!

વિક્રમ સંવત ૨૦૮૧ના નૂતન વર્ષના આરંભની મંગલ દીપોત્સવીએ આપણા સૌની આ પ્રાર્થના શ્રી પ્રભુના ચરણે અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે ધરી સૌને સૌ સંતો વતી નૂતન વર્ષનાં અભિનંદન અને સર્વ શુભ ભાવનાઓ પાઠવીએ છીએ! જય શ્રી સ્વામિનારાયણ! ◆

~ **સાધુ મનોજદાસ**





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ-૬૭ : 'સત્પુરુષના ગુણ આવ્યાનું'નું નિરૂપણ**
**૫ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**શ્રી** સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત' અદ્‌ભુત અને અજોડ ગ્રંથ આપણને આપ્યો. પરમહંસોને ખરેખર ધન્યવાદ ઘટે ! કહેવાય છે કે, ૨૦૦૦ વચનામૃતો હતાં. એમણે એટલી બધી વાતો કરી છે. ત્યારે આવાં રૅકોર્ડિંગ મશીન નહોતાં, વિડિયોગ્રાફી નહોતી, લખવા માટે હજુ પેન આવી નહોતી. કિત્તો-કલમ અને શાહીનો ખડિયો. શાહીના ખડિયામાં બોળી બોળીને લખવાનું. એવા યુગમાં મહારાજ જે બોલ્યા એ બધું લખી લીધું. કેટલો બધો મહિમા ! પરમહંસોએ મહારાજની વાતો શબ્દશઃ લખી. શ્રી સ્વામિનારાયણ ભગવાનને તેઓ એટલા બધા દિવ્ય માને કે, મહારાજની દરેક ક્રિયાનાં દિવ્યભાવે વિશ્લેષણ કરે. આપણને મોટા પુરુષનાં દર્શન કરતાં, મોટા પુરુષ તરફ જોતાં, મોટા પુરુષનું સેવન કરતાં આવડતું નથી, તોય ભગવાને કૃપામાં આપણને લીધા છે એટલે આપણે ફાવી ગયા.

સ્વામિનારાયણ ભગવાન પાંચ દંડવત્ કરતા હોય અને વધારાનો છઠ્ઠો દંડવત્ કરે તોય પરમહંસો પૂછે, 'આજે તમે છ દંડવત્ કેમ કર્યા ?' આપણને તો એમ થાય કે, ભૂલથી થઈ ગયો હશે. પરંતુ, મહારાજની દરેક ક્રિયા ચૈતન્યોને માયા પાર કરવાની હોય ! એવું અદ્‌ભુત માહાત્મ્ય સમજીને પરમહંસો મહારાજ સાથે જીવ્યા, ફર્યા, ઊઠ્યા, બેઠા. એ પરમહંસોએ આ 'વચનામૃત' લખ્યાં. અને પાછાં એ બધાં સ્વામિનારાયણ ભગવાન પાસે વાંચ્યાં ને શ્રી સ્વામિનારાયણ ભગવાને ટીક કર્યાં એટલાં ૨૬૨ વચનામૃતોનો ગ્રંથ બહાર પાડ્યો. બીજાં ઘણાં 'વચનામૃત' પરભાવનાં હતાં, પણ મહારાજે લોકોને સમજ પડે એવી જેમાં વાતો હતી એવાં 'વચનામૃત' સિલેક્ટ કરીને ગ્રંથ બનાવ્યો-એ ૨૬૨ વચનામૃત છે. ગામડાનો અભણ માણસ હોય કે મોટો ભણેલો માણસ હોય, ખેડૂત હોય કે શહેરમાં રહેનારો હોય, બધાને ક્લિક થાય, સમજાય એવી અદ્‌ભુત સરળ ભાષામાં મહારાજે વાતો કરી છે, જે સર્વ શાસ્ત્રોના સારરૂપ છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું પહેલું, તેમાં પ્રશ્ન પુછાયો કે, 'સાધનામાં કઠણમાં કઠણ સાધન કયું ?' કોઈ મહાત્માને આ પ્રશ્ન પૂછજો. તમને ઊંઘ આવી જાય ત્યાં સુધી ભાષણ કરશે. પણ, મહારાજે એક જ લીટીમાં જવાબ આપ્યો, 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ જેવું કોઈ કઠણ સાધન નથી. અને જેની મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે એ જેવી બીજી કોઈ પ્રાપ્તિ નથી.' પછી પૂછ્યું, 'માયાનું રૂપ શું ?' આ પણ પ્રશ્ન કોઈને કરજો. ઘણા સ્ત્રીને માયા કહેશે, ધનને માયા કહેશે, કુટુંબને માયા કહેશે, દેહને માયા કહેશે અને એનું વિશ્લેષણ કર્યા કરશે. અને એમાં જ પોતે ગૂંચવાઈ જશે અને સાંભળનારને પણ ગૂંચવી નાખશે. પણ, સ્વામિનારાયણ ભગવાને એક જ લીટીમાં જવાબ આપ્યો, 'ભગવાનના ભક્તને ભગવાનના થઈને જીવન જીવવામાં, સત્પુરુષની આજ્ઞા પાળવામાં, કથા-વાર્તા, ધૂન-ભજન-પ્રાર્થનામાં આડું આવે એ માયા.' હવે, દરેકની માયા જુદી જુદી હોય. મહારાજે કેટલી સરળ ને સહજ ભાષામાં આપણે સૌ સમજી શકીએ એવી વાતો કરી. પણ, એ એટલી સરળ છે એટલે માણસોને એની કિંમત નથી.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન જર્મન વૈજ્ઞાનિક થઈ ગયા. અમૅરિકા-ન્યૂજર્સીમાં પ્રિન્સટન યુનિવર્સિટીમાં પ્રૉફેસર હતા. બીજા વિશ્વયુદ્ધ પછી તેઓ અમૅરિકા જતા રહ્યા. એમને નૉબેલ પ્રાઈઝ મળ્યું. એમણે સૂત્ર આપ્યું, $E=mc^2$. આપણને એમ થાય કે, આમાં એમણે એવું તે શું આપ્યું કે એમને નૉબેલ પ્રાઈઝ મળ્યું ? પણ હજુ અત્યારે પણ

સાયન્ટિસ્ટો $E=mc^2$ને સમજવા માટે ફાંફાં મારે છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાને સરળ ભાષામાં, કોઈ કોમ્પ્લિકેશન ના હોય એવા જવાબો આપ્યા કે પછી એમાં પ્રશ્ન જ ના ઊઠે. એકેએક 'વચનામૃત'માં આત્માનાં આધ્યાત્મિક ઉત્થાન માટેની વાતો મહારાજે આપી. એવું આ વચનામૃત છે–પ્રથમનું ૬૭ : 'સત્પુરુષના ગુણ આવ્યાનું'.

આપણને એમ થાય કે, મોટા પુરુષના ગુણ આપણામાં આવે તો કેટલું સારું ! સત્પુરુષના ગુણ દરેકને લેવા છે, યાદ રાખો ! યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ કેવા અદ્‌ભુત પુરુષો હતા, જેઓએ મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ જેવા કેવા અદ્‌ભુત સંતોની આપણને ભેટ આપી ! એવા ગુણ આપણામાં કેવી રીતે આવે? એ આ 'વચનામૃત'માં છે.

**પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, 'કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી...**

સત્પુરુષને આ લોકમાં પ્રીતિ છે જ નહીં, લખી રાખો ! આપણે ભગવાનના છીએ, પૂર્વના છીએ, ભગવાનને રાજી કરવા માટે સમર્પિત થયા છીએ, આપણે ભગવાનના થઈને જીવવાની અભીપ્સા ધરાવીએ છીએ એટલે આપણી સાથે બોલે છે, પ્રેમ કરે છે, આપણામાં રસબસ થાય છે કે જેથી આપણો સંસાર છૂટી જાય. બાકી, એમને કશામાં આસક્તિ નથી.

**અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે.**

મોટે ભાગે તો કોઈ વાસના ના હોવી જોઈએ અને વાસના મૂકવા તો આવ્યા છીએ. પણ, યોગીજી મહારાજ કહે, 'ના, ભગવાનને રાજી કરવાની, ભગવાનના થઈને જીવવાની, ભગવાનની મૂર્તિ ધારવાની વાસના રાખવાની.' આ વાસના થઈ જાય તો જગતની વાસના છૂટી જાય.

**અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે.' અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહના સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહીં. એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ને કેમ સમજે તો ન આવે ? એ પ્રશ્ન છે.'**

મોટા પુરુષને ભગવાનની મૂર્તિને વિશે, તેઓના થઈને જીવવાની જ વાસના હોય. અને તેમનો જે સંગ કરે – સંગ એટલે એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, એમની આજ્ઞા પાળવાનું તાન હોય; એ સંગ કર્યો કહેવાય. મોટા પુરુષનો સંગ કરે એનું પણ એવી જ જાતનું હિત કરે. શું હિત કરે ? કે, આ મારો સંગી છે, તેને આ સંસારની વાસના છૂટી જાય. આપણા માટે કેવા સંકલ્પ કરે ? આ ડૉક્ટર થઈ જાય, ઍન્જિનિયર થઈ જાય, ઘર મળી જાય, મર્સિડિઝ ગાડી મળી જાય એવા સંકલ્પ કરે ? એ તો મળે જ. જેમ ગામડામાં કોઈ ભેંસ વેચાય, એના આંચળમાં જે બગઈ હોય એની કિંમત જુદી ના હોય, એ બગઈ ભેંસની ભેગી જ આવે. એમ, જગતનાં સુખો, જેને માટે લોકો ફાંફાં મારે છે એ તો બગઈ જેવું છે. ભગવાનને રાખો એટલે એ ઢસેડાતું આવે, એને માટે માગવું પડે નહીં. પણ, દુઃખી કરાવે એવું જગત અંદર છે. આવો સરસ માહોલ હોય, ઍરકન્ડિશન્ડ હૉલમાં બેઠા હોઈએ તોય અંદર પરસેવો થઈ જાય. તો અંદરનું જે જગત છે એ દુઃખી કરાવે છે. કારણ કે, કો'ક ને કો'ક જગ્યાએ વાસના હોય છે. પણ, સત્પુરુષને આપણા વિશે હેત છે એટલે આપણા માટે તેઓ સંકલ્પ કરે કે, આ મારો સંગી છે, તેને આ સંસારની વાસના છૂટી જાય અને ભગવાનને વિશે પ્રીતિ થાય તો ઘણું સારું છે.

આવા સત્પુરુષના ગુણ કેવી સમજદારી રાખે તો આવે ને કેવી સમજદારી રાખીએ તો ના આવે તે પ્રશ્ન છે.

> સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય,
> એમના વિશે સમ્યક્ નિર્દોષભાવ હોય,
> તેઓ ગમે તે કરે પણ મારા માટે તો
> તેઓ પ્રભુનું સ્વરૂપ છે, દિવ્ય છે !
> એવું જો માનતો હોય તો
> એનામાં સત્પુરુષના ગુણ આવે.





> ગમે તેવી પરિસ્થિતિમાં, ગમે તેવા સંજોગોમાં
> કંઈ પણ બને તો પણ આપણને
> સત્પુરુષને વિશે મનુષ્યભાવ ના આવે,
> માયિકભાવ ના આવે, ભાવફેર ના થાય,
> તેઓની ક્રિયાની ટીકાટિપ્પણ ના થાય;
> તો એનામાં સત્પુરુષના ગુણ અવશ્ય આવે.

**પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે, તેને વિષે દેવની બુદ્ધિ રાખે**

દેવની બુદ્ધિ એટલે દિવ્યભાવ, મૂર્તિઓને વિશે પ્રભુની બુદ્ધિ છે. તમે જુઓ, કોઈપણ નાનું-મોટું મંદિર હોય તો માણસ પગે લાગે. જુએ નહીં કે કોની મૂર્તિ છે ? શાનું મંદિર છે ? તરત માથું નમી જાય. એ મૂર્તિઓને વિશે દેવબુદ્ધિ છે તો મૂર્તિને સીધું માથું નમી જાય છે. સામાન્ય રીતે તમે કોઈને વાઘ ઉપર બેઠેલા જુઓ તો બીક લાગે. પણ આપણે મંદિરમાં વાઘ ઉપર બેઠેલાં માતાજીની મૂર્તિ જોઈએ તો કશું વિચાર્યા વગર તરત માથું નમી જાય; એ દેવબુદ્ધિ કહેવાય. એમ, સત્પુરુષને વિશે દેવબુદ્ધિ. સત્પુરુષ છેને ! બસ, તેઓ સાંગોપાંગ નિર્દોષ ને દિવ્ય છે ! એવો નિર્દોષભાવ એમના વિશે હોય. અને તેઓ જે વચન કહે, તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે. તેઓ જે આજ્ઞા આપે એ આજ્ઞામાં પોતાની આવડત, હોશિયારી, બુદ્ધિનો ઉપયોગ કરીને આજ્ઞા પાળે અને તે પ્રમાણે વર્તે તો એ દેવબુદ્ધિ કહેવાય.

**અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે, તો એ સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે; અને જે એવો ન હોય તેમાં ન આવે.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એ ઉત્તર તો ખરો, પણ આમ સમજે તો મોટા પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે.**

દોષબુદ્ધિને લીધે સત્પુરુષનું વચન અલપઝલપ પાળે. પોતાને ફાવતું પાળે ને ના ફાવતું ના પાળે એવું અલપઝલપ કરે એમાં સત્પુરુષના ગુણ આવે નહીં. આની ઉપર મહારાજ પછી વધારે પ્રકાશ પાથરે છે. જો આમ સમજે તો મોટા પુરુષના ગુણ આવે તે સમજણ કઈ ?

**તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે.**

મોટા પુરુષની આગળ પોતાની જાતને તુચ્છ માને કે, આ સત્પુરુષ કેટલા મોટા છે, આટલા બધા લોકો તેમને માને છે તો પણ એનો એમને ભાર નથી. ભગવાન સિવાય કોઈની એમને લેશમાત્ર ઈચ્છા નથી અને એમની સામે હું અતિશય પામર છું. ભગવાનની જે વાતો છે તેમાં મને સમજણ પડતી નથી માટે મને ધિક્કાર છે. એટલે એવી રીતે પશ્ચાત્તાપ કરે, પશ્ચાત્તાપ રૂપી પ્રાર્થના કરે.

**પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. હવે જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન જ આવે તેનાં લક્ષણ કહીએ તે સાંભળો.**

મુક્તાનંદ સ્વામીએ જવાબ આપ્યો એમાં મહારાજે પાછળથી પુરવણી કરી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, જેને આ લોકની ઈચ્છા નથી એવા સત્પુરુષને વિશે દેવની બુદ્ધિ, નિર્દોષબુદ્ધિ રાખે, તેઓ જે આજ્ઞા આપે એને પાળે અને એ પ્રમાણે વર્તે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે. એની આગળ મહારાજે કહ્યું કે, એ મુમુક્ષુ પાછો કેવો હોય ? કે મોટા પુરુષને દિવ્ય માને. આટલા મોટા પુરુષ મળ્યા, આવું દિવ્ય વાતાવરણ મળ્યું, આવો અદ્‌ભુત સત્સંગ મળ્યો અને હજુય મને સંસારની આસક્તિ છે, સંસારની આશ છે; એમ કહીને પોતાની જાતને ધિક્કારે. પ્રભુ મને આમાંથી છોડાવો. આવા પુરુષના સાંનિધ્યમાં રહેવાનું મળ્યું, આવી ભક્તિ કરવાનું મળ્યું તોય મને આવું થાય છે તો તેનો મને ખરેખર પશ્ચાત્તાપ થાય છે. અને માત્ર એકલો પશ્ચાત્તાપ કરીને નહીં, પશ્ચાત્તાપ રૂપી પરિતાપ કરીને પ્રાર્થના કરે, ધૂન-ભજન કરતો રહે

તો મોટા પુરુષના ગુણ એનામાં આપોઆપ આવે. પણ એવા ગુણ ક્યારે ના આવે એનું મહારાજે પછી કહ્યું.

**જે પુરુષ એમ સમજે જે, ‘આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે.’ એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય, તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહીં.’**

મોટા પુરુષની ક્રિયાની, એમના કાર્યની ટીકાટિપ્પણ કરે, ભાવફેર કરે એવાને મોટા પુરુષનો અવગુણ આવે. ભલેને જોડે રહેતો હોય, જોડે ફરતો હોય, ખાતો હોય, પીતો હોય, એમની પ્રસાદી જમતો હોય, તો પણ ગુણ આવે નહીં. પણ અમેરિકા કે ઈંગ્લૅન્ડ રહેતો હોય, પણ કહ્યું એમ, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, એમના વિશે સમ્યક્ નિર્દોષભાવ હોય, તેઓ ગમે તે કરે પણ મારા માટે તો તેઓ પ્રભુનું સ્વરૂપ છે, દિવ્ય છે ! એવું જો માનતો હોય તો એનામાં સત્પુરુષના ગુણ આવે.

શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થા સ્થાપી. કેવા અદ્ભુત પુરુષ હતા ! મહંત સ્વામીના બાપુજી-મણિકાકાએ કરેલી વાત કે, શાસ્ત્રીજી મહારાજે પાંચ મંદિરનાં બાંધકામ શરૂ કર્યાં. પહેલું બોચાસણ, પછી સારંગપુર, પછી ગોંડલ, પછી અટલાદરા અને છેલ્લે ગઢડા મંદિરનું કામ ઉપાડ્યું. ત્યારે મુઠ્ઠીભર જ ભક્તો હતા. બિલો ચૂકવવા, પગારના પૈસા આપવા, આ બધાનો બહુ બધો તકાદો થાય. અને તે સમયે વિરોધ પણ ખૂબ. પોલિટિશિયનોનો વિરોધ, સમાજનો વિરોધ, મૂળ સંસ્થાનો વિરોધ-એ વિરોધમાં તેઓ કૉર્ટ કેસ કરતા એટલે કૉર્ટમાં દોડાદોડી; એવા વિરોધમાં શાસ્ત્રીજી મહારાજે આવું બધું કાર્ય કર્યું.

તે સમયે શાસ્ત્રીજી મહારાજની ૮૦ વરસની ઉંમર હતી. એક રાત્રિના સમયે આણંદ મંદિરે મણિકાકા ને ચાર-પાંચ ભક્તો શાસ્ત્રીજી મહારાજના સાંનિધ્યે બેઠા હતા. મણિકાકા કહે, શાસ્ત્રીજી મહારાજ રાત્રે સૌને ખૂબ આનંદ કરાવે એટલે અમે શાસ્ત્રીજી મહારાજ હોય ત્યારે મંદિરમાં જ સૂઈ જઈએ. એ દિવસે રાત્રે શાસ્ત્રીજી મહારાજ બેઠા હતા ને ઓચિંતા પોક મૂકીને રડવા લાગ્યા, એકદમ જોરથી એમણે પોક મૂકી. આજુબાજુ બીજા બધા જે સૂતા હતા તેઓ પણ બેઠા થઈ ગયા કે, શું થયું સ્વામીને ? પૂછ્યું, ‘સ્વામી શું થયું ?’ સ્વામી કહે, ‘હાય હાય, મને ઘરડેઘડપણ શું સૂઝ્યું કે મેં પાંચ પાંચ મંદિરોનું કામ એક સાથે ઉપાડ્યું ? પૈસા નથી, તકાદા થાય છે ને વિરોધ છે. હાય હાય હું કેમનું આ બધું પહોંચી વળીશ ?’ પોકે ને પોકે રડતા જાય ને આવું બોલતા જાય. ત્યારે મારા-તમારા જેવા તો સાંત્વના આપીએ ને કહીએ, ‘સ્વામી, અમે છીએને ! અમે તમને મદદ કરીશું.’ પણ મણિકાકા કહે, અમે બધાએ હાથ જોડીને કહ્યું, ‘હે સ્વામી ! હે દયાળુ ! તમે પોક મૂકો, રડો, હસો, આવું બોલો તોય તમે અમારા માટે પ્રભુનું સ્વરૂપ છો, સર્વ કર્તાહર્તા છો. તમારા વિશે અમને લેશમાત્ર માયિકભાવ આવ્યો નથી અને આવશે પણ નહીં.’ એટલે શાસ્ત્રીજી મહારાજ ખડખડાટ હસી પડ્યા. શાબાશ ! કહી સૌને ભેટીને આશીર્વાદ આપ્યા. ખરે જ, દૃઢ નિષ્ઠાવાન આ ભક્તોને ધન્ય છે !

બાકી ઘણાને તો એમ થાય કે, સ્વામીની વાત તો સાચી છે, પાંચ પાંચ મંદિરનું કામ તેઓએ ઉપાડ્યું, પણ નહોતું ઉપાડવા જેવું, પૈસાનું જોવા જેવું હતું. જરાક અમારા જેવા માણસને તો પૂછવું હતું ! પૂછ્યું હોત તો સલાહ આપત. પણ તમે પૂછતા નથી ને તમારી જાતે દોડાદોડી કરો છો તો હવે કરો ચિંતા. ઘણા અક્કલદાહ્યા તો સ્વામીને પાછી સલાહ પણ આપે. જ્યારે આ ભક્તોએ કહ્યું, ‘સ્વામી ! તમે રડો, હસો, ગમે તે કરો પણ તમે અમારા માટે પ્રભુનું સ્વરૂપ છો, કર્તાહર્તા છો ! તમારા વિશે અમને સહેજ પણ ભાવફેર થવાનો નથી. અમે તમારા આ ‘રડતા નારાયણ’નાં દર્શન કરીએ છીએ. શાસ્ત્રીજી મહારાજ

બધાને દિવ્ય માનો, પૂજનીય માનો,
એમની આગળ હું કાંઈ જ નથી
એવું માનીને રાંકભાવે સેવા કરો,
નિભય-ધર્મમાં રહી ભક્તિ કરો ;
તો ગુણ અવશ્ય આવશે,
આવશે ને આવશે જ.





આધાર ભગવાનનો થઈ જાય.
પછી આખી દુનિયાનું રાજ આવશે
તોય જનક રાજાની જેમ
વિદેહી અવસ્થામાં રહેવાશે,
બંધાઈશું નહીં.

ખડખડાટ હસી પડ્યા. બધાને બથમાં લઈને ભેટ્યા અને આશીર્વાદ આપ્યા. એમના ઘરે પછી મહંત સ્વામી જેવા સાધુ પ્રગટ થાય કે ના થાય ? આવા ભક્તો હતા, તમે જુઓ તો !

યોગીબાપાને પણ તમે જુઓ ! એક વખત યોગીબાપા આફ્રિકામાં હતા. એક સાધુએ આફ્રિકા જઈને પોત પ્રકાશ્યું તેથી એમને સંસ્થામાંથી કાઢી મૂકવા પડ્યા. ત્યાં જઈને થોડા ભક્તોને ભેગા કરીને એમણે અલગ ચોકો જમાવ્યો. આફ્રિકાના આખા સત્સંગસમાજમાં બોચાસણ સંસ્થા વિરુદ્ધ તેમણે ખળભળાટ મચાવી દીધો. બાપા આફ્રિકા ગયા ત્યારે તેઓ ફુલફ્લેજ્ડ વિરોધ કરતા હતા. કૅન્યા, નૈરોબીમાં બાપાનો પ્રવાસ હતો અને કૉર્ટ કેસ થયો. યોગીબાપાને કૉર્ટમાં હાજર થવાનું કૉર્ટનું સમન્સ આવ્યું. એટલે બધા ભક્તોએ બાપાને કહ્યું, 'બાપા, આવતા અઠવાડિયે આપણે કૉર્ટમાં જવું પડશે.' બાપા કહે, 'અમારા સાધુથી કૉર્ટમાં ના અવાય.' તો કહ્યું, 'કાયદો છે, સમન્સ છે એટલે સાક્ષી તરીકે આપને હાજરી આપવી પડે.' બાપા કહે, 'મારે કૉર્ટમાં નથી જવું. કૉર્ટમાં ના જવું પડે એનો કોઈ ઉપાય શોધો.' ત્યારે કહ્યું કે, 'બાપા, આ કૅન્યા દેશ છે, આ દેશ છોડી દઈને બીજા દેશમાં જતા રહીએ તો કૉર્ટમાં ના જવું પડે.' તો બાપા કહે, 'એમ કરો, આપણે યુગાન્ડા જતા રહીએ.' નૈરોબીથી યુગાન્ડા ૧૨થી૧૪ કલાકનું ટ્રાવેલિંગ. પણ બાપા કારમાં નીકળ્યા ને સીધા યુગાન્ડા જતા રહ્યા. બીજાને એમ થાય કે, તમે તો ભગવાનનું સ્વરૂપ છો તો કૉર્ટ કેસ પાછો ના ખેંચે ? પણ ભક્તોને ધન્ય છે! યોગીજી મહારાજ કેન્યાથી સીધા યુગાન્ડા ગયા. ભક્તો પ્રેમથી એમને લઈ ગયા, ભાવફેર ના કર્યો તો એ ભક્તો ફાવી ગયા.

એટલે ગમે તેવી પરિસ્થિતિમાં, ગમે તેવા સંજોગોમાં કંઈ પણ બને તો પણ આપણને સત્પુરુષને વિશે મનુષ્યભાવ ના આવે, માયિકભાવ ના આવે, ભાવફેર ના થાય, તેઓની ક્રિયાની ટીકાટિપ્પણ ના થાય; એવું જે કરે તો મહારાજ કહે, એનામાં સત્પુરુષના ગુણ અવશ્ય આવે. પણ ટીકાટિપ્પણ કરે, સલાહ આપે, ભાવફેર કરે, માથાકૂટ કરે એનામાં કોઈ કાળે ભગવાન ને સત્પુરુષના ગુણ આવતા નથી. તો આપણે તો ભગવાન ને સત્પુરુષના એવા ગુણ પ્રાપ્ત કરવા છે. આપણા એકએક સાધુ એવા છે, એકએક ભક્ત એવા છે. દરેકના ગુણ ગાવા, દરેકના ગુણ સાંભળવા. રાત્રે સૂઈ જઈએ ત્યારે એમના ગુણોનો વિચાર કરીએ તો ઊંઘ પણ સરસ આવી જાય ને આપણને પણ સારું થાય.

આપણે કેવા છીએ એનો વિચાર ના કરવો, પણ આપણને જે મહારાજ મળ્યા છે, સ્વામી મળ્યા છે, સંતો-ભક્તો મળ્યા છે તેનો વિચાર કરવો. અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સમજાવે એવા સત્પુરુષના યોગમાં રાખ્યા છે, અને તેઓના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે તો, એમની સાથે જોડાયેલા સંતો-ભક્તો સૌ બહુ જ મોટા છે ! એમના તો દર્શન જ થાય, એમની તો સેવા જ થાય, એમને તો બે હાથ જોડીને પગે જ લગાય; આટલું જો રાખીશું તો ગમે એવા હોઈશું તો પણ સત્પુરુષના ગુણ આપોઆપ આવશે. આમાં એવું કોઈ જગ્યાએ કહ્યું કે, આ પાળો, પેલું પાળો, ફલાણું કરો તો સત્પુરુષના ગુણ આવે ! મહારાજે કેટલી સહેલી ને સરળ વાત બતાવી કે, આ બધાને દિવ્ય માનો, પૂજનીય માનો, એમની આગળ હું કાંઈ જ નથી એવું માનીને રાંકભાવે સેવા કરો, નિયમ-ધર્મમાં રહી ભક્તિ કરો; તો ગુણ અવશ્ય આવશે, આવશે ને આવશે જ.

ઘણા કહે, આરબો ખાઈ-પીને જલસા કરે છે. એમને ત્યાં ખૂટે નહિ એટલા બધા પૈસા છે અને રોજના રોજ વધતા જાય છે. પણ એમના ગયા જન્મની ખબર છે ? ગયા જન્મે કેટલાં પુણ્ય કર્યાં હશે ત્યારે એમને આટલા પૈસા મળ્યા છે અને આ જન્મે પાછા પુણ્ય કરે છે. મહંત સ્વામીને ત્યાં બોલાવીને મંદિર બંધાવી આપ્યું તો હવે એમનું પુણ્ય વધશે. મોટો પૈસાદાર કોઈ માણસ આવે તો આપણે એટલું જ જોવું કે, ગયા જન્મનો કેવો પુણ્યશાળી માણસ હશે કે, ભગવાને એમને આટલી બધી સમૃદ્ધિ આપી, આટલું સ્ટેટસ આપ્યું ! એવા ગુણ જોઈએ તો આપણામાં ગુણ આવે. અને આનામાં કશું છે નહીં, સાવ ડોબા જેવો છે

ને આટલા બધા પૈસા ભગવાને આપ્યા ? અને બહુ હોશિયાર હોય, મહેનત કરતો હોય તો એની પાસે કશું ના પણ હોય. પણ યાદ રાખો, ભગવાનની લીલા અકળ છે !

એક દૃષ્ટાંત આપું. શ્રી કૃષ્ણ પરમાત્મા ને અર્જુન જતા હતા. રસ્તામાં એક નાનો આશ્રમ આવ્યો. મહાત્માને ખબર પડી એટલે શ્રી કૃષ્ણ પરમાત્મા અને અર્જુનની આગતાસ્વાગતા કરી. બગીચાનાં ફૂલ એમનાં ચરણારવિંદમાં મૂક્યાં, પગે લાગ્યા ને મહાત્મા ખુશ થયા. ભગવાને ખબરઅંતર પૂછ્યા. ત્યારે કહે, 'આપની કૃપાથી સારું છે. આ ગાય મને આપી છે એને લઈને મારું ગુજરાન ચાલે છે. દૂધ આપે છે, હું પીઉં છું અને વેચું છું એના જે પૈસા આવે છે એમાંથી મારા આશ્રમનો વહીવટ, ગુજરાન ચાલે છે.' એવી રીતે ગાયની બહુ બધી વાતો કરી કહ્યું કે, 'ગાય ઉપર આખો આશ્રમ ચાલે છે.' પછી બહાર નીકળી, થોડે દૂર જઈ શ્રી કૃષ્ણ પરમાત્મા અર્જુનને કહે, 'આપણે આ મહાત્મા માટે સંકલ્પ કરીએ.' અર્જુનને એમ કે, આ ઋષિનો મોટો આશ્રમ થાય એવો પ્રભુ સંકલ્પ કરશે. પણ શ્રી કૃષ્ણ પરમાત્મા કહે, આપણે એક સંકલ્પ કરીએ કે, 'આ મહાત્માની ગાય મરી જાય.' આવો સંકલ્પ કરી, પ્રાર્થના કરીને પછી તેઓ તો આગળ ગયા.

રસ્તામાં બીજો એક બંગલો આવ્યો. બંગલાવાળાએ શ્રી કૃષ્ણ પરમાત્માને આમંત્ર્યા, આગતાસ્વાગતા કરી, ફૂલ-ફળાદિ બધું આપ્યું. તે જાહોજહાલીવાળો માણસ હતો, પણ એણે પછી ભગવાન સામે એના અહંકારમાં, એના પૈસાના તોરમાં બધી વાતો કરી. ત્યાંથી બહાર નીકળ્યા એટલે શ્રી કૃષ્ણ અર્જુનને કહે, 'આપણે આના માટે સંકલ્પ કરીએ.' અર્જુનને થયું કે, હમણાં સંકલ્પ કરાવશે અને આનો બંગલો પણ લઈ લેશે. શ્રી કૃષ્ણ કહે, સંકલ્પ કરીએ કે, 'આની સમૃદ્ધિ દસગણી વધી જાય.' અર્જુન તો ઘા ખાઈ ગયો. એ કહે, 'ભગવાન તમારી વાત ના સમજાઈ. પેલા મહાત્માએ તમારું અદ્‌ભુત સ્વાગત કર્યું, ફૂલ-ફળાદિ આપ્યાં ને આણે તમને બોલાવ્યા ખરા, પણ તમારું અપમાન પણ કર્યું. પેલાની ગાય મારી નાખી અને આને દસગણું આપવાની વાત કરી; તે મને સમજાયું નહીં.'

ત્યારે શ્રી કૃષ્ણ કહે, 'અર્જુન, પેલા મહાત્મા આખી જિંદગી ભક્તિ કરે છે, પણ ગાયમાં ચોંટેલો છે. ગાય એનો આધાર છે. જો એ આધાર છૂટી જશે તો ભગવાન જ એનો આધાર થઈ જતાં એનો છેલ્લો જન્મ થઈ જશે. અને આની પાસે પૈસા છે, થોડું ખોટું કરે છે, પણ દસગણી સમૃદ્ધિ ભેગી કરવા એ અનંતગણું ખોટું કરશે એટલે તેનું પુણ્ય ખલાસ થતાં આ ને આ જન્મે એનો ફેંસલો આવી જશે.' એટલે આપણા ભક્તોમાં જે આવે છે એ શું આવે છે ? ભગવાન સિવાય કોઈ આધાર નહીં ! કાંઈ પણ થાય તો ભગવાનનું જ શરણું, ભગવાનનો જ આશરો, ભગવાનનું જ બળ કે, પ્રભુ ! તમે કરી રહ્યા છો, અમને સાચવજો. આમ કહીને પરિતાપ-પશ્ચાત્તાપ રૂપી પ્રાર્થના કરવી. અમે કાંઈ જ નથી, પણ આવા અદ્‌ભુત સમાજમાં પ્રભુ તમે અમને લાવ્યા, મૂક્યા, તમે અપરંપાર કૃપા વરસાવી છે ! આ બધા ભક્તો એટલા મોટા છે, એટલા બધા દિવ્ય છે ! એમ માનીને એમની નિર્દોષભાવે સેવા કરું. નથી થઈ શકતી એ પશ્ચાત્તાપ-પરિતાપ રૂપી પ્રાર્થના કરે તો મહારાજ કહે, એમાં પછી આધાર ભગવાનનો થઈ જાય. પછી આખી દુનિયાનું રાજ આવશે તોય જનક રાજાની જેમ વિદેહી અવસ્થામાં રહેવાશે, બંધાઈશું નહીં.

ભગવાનને બધું જ આપવું છે. પણ પાછા બંધાઈ ના જઈએ એટલે ભગવાન પાછું લે તે પહેલાં અંદરથી ડિટેચ કરી લે. ભગવાન સિવાય બીજી કોઈ જગ્યાએ એટૅચમૅન્ટ નહીં. ભગવાન સિવાય જીવન જીવવા બીજી કોઈ પ્રવૃત્તિ જ નહીં. ભગવાન ને ભગવાનના ભક્તો દિવ્ય જ મનાય. ગમે એવું તેઓ આપણને ભાંડે, ગાળો બોલે, આપણી સામે મોઢું બગાડે તોય તેઓ દિવ્ય છે. અને જગતવાળા હસે, આપણાં વખાણ કરે તોય એમની સાથે ફાવે નહીં. આપણને એવો જ્યારે અંદરથી બૃહદ વૈરાગ્ય થાય ત્યારે સત્પુરુષના ગુણ આવે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

ભગવાન સિવાય
બીજી કોઈ જગ્યાએ એટૅચમૅન્ટ નહીં.
ભગવાન સિવાય
જીવન જીવવા બીજી કોઈ પ્રવૃત્તિ જ નહીં.
ભગવાન ને ભગવાનના ભક્તો
દિવ્ય જ મનાય.








# સાધુહૃદયની

## પ્રાર્થનાગંગા



આજે શરદ પૂર્ણિમા છે

શ્રી ગુણાતીત આજે પ્રગટ થયા છે

શ્રીજી મહારાજ તેઓને

પોતાની સાથે લાવ્યા છે

તેથી આજે સ્વામી અને શ્રીજીનું યુગલ રચાયું છે.

શ્રીજીનો સંકલ્પ... અમે ‘સ્વામી’માં પ્રગટ રહીશું.

સ્વામીરૂપ થયેલા બ્રહ્મસ્વરૂપમાં પ્રત્યક્ષ દર્શન દઈશું

તે આજે મુક્ત-મુમુક્ષુ સર્વને અનુભવાય છે.

શ્રીજી... પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ

સ્વામી... અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ

તે સદાકાળ પ્રગટ અને પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપે

જ્યારે જ્યારે આપણે માનવદેહ ધાર્યા... પ્રગટ રહ્યા

ત્યારે ત્યારે તે સ્વામી ને શ્રીજી પ્રત્યક્ષ મળ્યા

આપણને આજે ‘સાહેબજી’ સ્વરૂપે મળ્યા

તે સ્વરૂપે દૃઢ નિષ્ઠા ને પ્રત્યક્ષનો પૂર્ણભાવ

તે સ્વરૂપમાં સમ્યક્ નિર્દોષભાવે પૂર્ણ સમર્પણ

તે સ્વરૂપની અનુવૃત્તિ ને અભિપ્રાયનું પળેપળ જીવન

તો, સમગ્ર દિવ્ય બને...

રોમ રોમ પ્રભુ બિરાજે

જેવા પ્રભુ પ્રગટ–

પ્રત્યક્ષ બ્રહ્મસ્વરૂપમાં... સાહેબજીમાં

તેવા પ્રગટ આ સંબંધવાળા સૌ ભક્તો મુક્તોમાં

તે નિશ્ચયની દૃઢતાએ જીવન

તો આપણા સમગ્રનો વિલય... પ્રભુ સાથે અદ્વૈત

‘હું’ ન રહ્યું... અસ્તિત્વ ટળ્યું... કેવળ ‘તું’ જ

તે ભાવનાં જીવન જીવતા કરવા

અખંડ બ્રહ્મસ્વરૂપમાં લયલીન કરવા

‘સ્વામી’નું પ્રાગટ્ય થયું...

પ્રગટ રહ્યા... પ્રત્યક્ષ થયા.

હે દયાળુ !


આપ અને શ્રીજી જે હેતુ લઈ પ્રગટ્યા ને પ્રગટ રહ્યા

તે હેતુ આજે બહુધાને સમજમાં આવ્યો

હવે તો ‘હું’ ટળે અને ‘તું’ જ કેવળ રહે

તેવી દિવ્ય અદ્વૈતની સ્થિતિ આપ જ કરાવો

તે આપના પ્રાગટ્યમંગલની પ્રાર્થના છે !



સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, ૧૪.૧૦.૨૦૧૩



# અનુપમની હે અમૃતધારા...!



વચનામૃત ગઢડા મધ્ય-૨૧ : 'મુદ્દાનું'નું નિરૂપણ તથા
ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યપર્વે આશીર્દાન.
૩ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**શ્રી** હરિ જયંતી ! ભગવાન શ્રી સ્વામિનારાયણનો અંગ્રેજી તારીખ પ્રમાણેનો આજે પ્રાગટ્યદિન ! ભગવાન મનુષ્ય શરીર ધરીને આ પૃથ્વી પર પ્રગટ થયા. મહત્ત્વની વાત એ કે, એ સમયમાં આપણને પણ ભગવાને મનુષ્યનો જન્મ આપ્યો ; એવો મેળ પડી ગયો, એ કેટલી મોટી અદ્‌ભુત પ્રાપ્તિની વાત કહેવાય ! ભગવાન હોય, ભગવાનને ધારેલા સંત હોય ને આપણને મુમુક્ષુ તરીકે મનુષ્ય શરીરમાં જન્મ મળ્યો - એવા સુંદર સુયોગનો આ સમય છે. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહેલી શેરડીના સાંઠાના વચલા ભાગની વાતનો બરાબર મેળ બેઠો.

ભગવાન જ્યારે મનુષ્ય શરીરમાં હોય ત્યારે એમને ભગવાન માનવા એ બહુ અઘરી બાબત છે. એટલે જ ગુણાતીતાનંદ સ્વામીએ એમ કહ્યું કે, 'ભગવાન થકી જ ભગવાન ઓળખાય છે.' એનો અર્થ એમ થાય કે, ભગવાન પોતે કરુણા કરીને સંકલ્પ કરે. અને એના પરિણામે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અતિશય કૃપા કરીને અક્ષર-પુરુષોત્તમની ઉપાસનાનો જે માર્ગ સમજાવ્યો, એમાં આજે આપણું પાનિયું પડ્યું. આ સમયમાં આપણને અદ્‌ભુત પ્રગટ ગુરુહરિની પ્રાપ્તિ થઈ !

ભગવાન શ્રી સ્વામિનારાયણ ૪૯ વર્ષ મનુષ્ય શરીરમાં આ પૃથ્વી પર રહ્યા. ૧૧ વર્ષની ઉંમરે તો એમણે ગૃહત્યાગ કર્યો અને સરયૂ નદી પાર કરીને હિમાલયના પ્રદેશની પદયાત્રા શરૂ કરી. લગભગ ૮ વર્ષ જેટલા સમયમાં ઉત્તરથી પૂર્વ થઈ, દક્ષિણ થઈ અને પશ્ચિમ દેશમાં એટલે કે ગુજરાતમાં આવ્યા. આપણે ગુજરાતના વતનીઓ માટે બહુ ગૌરવ અને આનંદની વાત છે કે, ભગવાને એમની કર્મભૂમિ તરીકે ગુજરાતના લોજની પ્રસાદીની એ ભૂમિને પસંદ કરી.

ગુરુ રામાનંદ સ્વામી સાથે પીપલાણામાં  નીલકંઠવર્ણીનો મેળાપ થયો. ગુરુને મળવાનો એટલો બધો આનંદ છે કે, શરીરનું ભાન ભૂલી જઈ, ઉઘાડા-ખુલ્લા પગે કાંકરા ને કાંટાવાળી ભૂમિ પર ઉતાવળે પગલે ચાલીને નીલકંઠવર્ણી રામાનંદ સ્વામીને મળવા માટે જાય છે. ગુરુમિલનની કેટલી ઉત્કંઠા છે ! ગુરુ-શિષ્યની પરંપરાને ભગવાન શ્રી સ્વામિનારાયણે એક નવું રૂપ, નવી ચેતના ને નવું દર્શન આપ્યું છે. રામાનંદ સ્વામીના શિષ્ય તરીકે તેઓ રહ્યા, રામાનંદ સ્વામી પાસે દીક્ષિત થઈને 'સહજાનંદ' થયા. જેતપુર એ ગુજરાતનું એક ગામ; એ ગાદીનું સ્થાન બન્યું. રામાનંદ સ્વામીએ પોતાના જીવનની લીલા સંકેલી ત્યારે ફરેણીમાં એમના અંતિમસંસ્કાર કરીને સહજાનંદ સ્વામીએ 'ૐ સ્વામિનારાયણ' મંત્ર આપ્યો. ત્યાં સુધી સર્વ પોતપોતાની આસ્થા-શ્રદ્ધા પ્રમાણે હિન્દુ સંસ્કૃતિના, ઋષિ સંસ્કૃતિના જે વેદોક્ત મંત્રો હતા તે જુદા જુદા મંત્રનો જાપ બોલતા હતા. પણ સંપ્રદાય તરીકેની એકસૂત્રતાનો પહેલો મંત્ર, એક જ મંત્ર - 'ૐ સ્વામિનારાયણ' આપ્યો. એ પછીથી તેઓ પોતે 'ભગવાન સ્વામિનારાયણ' તરીકે ઓળખાયા અને એમના જે કોઈ આશ્રિત થયા તેઓને 'સ્વામિનારાયણ પંથના સત્સંગી' તરીકે સમાજમાં એક અલગ ઓળખાણ આપી. ભગવાને વરદાન આપ્યું કે, 'હું મારા ગુણાતીત સંત દ્વારા સદાય પ્રગટ રહીશ, પ્રત્યક્ષ રહીશ.' મંત્ર દ્વારા, શાસ્ત્ર દ્વારા, મૂર્તિ દ્વારા ભગવાન સાથેનું અનુસંધાન જોડવાનો અદ્‌ભુત અધ્યાત્મમાર્ગ એમણે સમજાવ્યો. પોતે પોતાના સંતો-ભક્તો-આશ્રિતોની આચારસંહિતાની એક નાનકડી પુસ્તિકા લખી, જેનું નામ 'શિક્ષાપત્રી'. વસંતપંચમીના દિવસે ભગવાને પોતાના આશ્રિતોને આચારસંહિતાની એ પુસ્તિકા આપી.

ગઢડા, સારંગપુર, વડતાલ, અમદાવાદ, કારિયાણી વગેરે ઠેકાણે ૩૦ વર્ષનાં વિચરણ દરમિયાન સ્વામિનારાયણ ભગવાને જે ગોષ્ઠિ કરી, ઉપદેશ રૂપે જે વચનો પોતાના સંતો-ભક્તોને સમજાવ્યાં, સંભળાવ્યાં; તેનું પરમહંસોએ સંકલન કર્યું. એ સંકલન કરીને

સ્વામિનારાયણ ભગવાનની આગળ એમણે વાંચી સંભળાવ્યું. સ્વામિનારાયણ ભગવાને એમાં કાંઈ ભૂલ હોય તો એ સુધારીને સરખી કરાવી. અને એ રૂપે જે ગ્રંથ બન્યો એ ગ્રંથ તે 'વચનામૃત'. જે સ્વામિનારાયણ સંપ્રદાયનો આધારભૂત ગ્રંથ કહેવાયો. એમ, 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' એ બે ગ્રંથો સ્વામિનારાયણ સંપ્રદાયના આધારભૂત ગ્રંથો તરીકે પ્રસિદ્ધ થયા. સ્વામિનારાયણ ભગવાનના સ્વધામ ગયા પછીથી પણ ભગવાને એવાં વરદાન આપ્યાં હતાં કે, મારી વાણી એ જ મારું સ્વરૂપ છે. એટલે આજે સંપ્રદાયમાં 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' એ ભગવાનનું જ સ્વરૂપ છે એવી રીતે એનું પૂજન, પઠન અને સ્વાધ્યાય કરવામાં આવે છે. બધાં શાસ્ત્રોનો સાર આપણને ભગવાને આ ગ્રંથોમાં આપ્યો છે. ભગવાને પોતે 'શિક્ષાપત્રી'માં એમનાં જે પ્રિય શાસ્ત્રો છે એની વાત કરી છે. અને એ એવા ગ્રંથો છે કે, જેમાં ભગવાનના મહિમાની વાતો, ભગવાનના જે સંતો થઈ ગયા એમના મહિમાની વાતો લખી છે.

સ્વામિનારાયણ ભગવાને બીજું એક પુસ્તક પોતાના પરમહંસોને પ્રેરણા કરીને લખાવ્યું, એનું નામ છે 'ધર્મામૃત'–ધર્મનું અમૃત. જેમ 'શિક્ષાપત્રી' એ આચારસંહિતા છે, એમ 'ધર્મામૃત' પણ એવો ગ્રંથ છે. એમાં પણ નીતિનિયમો અને જો એમાં ભંગ થાય તો એનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું ? તે જણાવ્યું છે. એટલે વ્રત-નિયમ એ સંપ્રદાયનું એક માળખું છે. એ માળખાની જે મુદ્દાની વાત છે એના સ્વામિનારાયણ ભગવાને પાતાળે પાયા નાખ્યા છે. ત્યાગી અને ગૃહસ્થીએ ધર્મનું કેવી રીતે પાલન કરવું એ સ્વામિનારાયણ ભગવાને 'ધર્મામૃત'માં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આ બધું કરવા પાછળ તેઓ એમ કહે છે કે, જે કંઈ પણ કલ્યાણને અર્થે અત્યાર સુધી શાસ્ત્રોમાં વાત લખાઈ છે એનો એમણે સાર અને નિચોડ પોતાના ભક્તોને બહુ સહેલી ને સરળ ભાષામાં આપ્યો છે.

ગુરુહરિ સાહેબદાદા દૃષ્ટાંત આપે છે કે, આપણે ગાય લાવીએ. એનું પાલન-પોષણ કરીએ, એને દોહીએ એટલે દૂધ મળે. એ દૂધને આખરીએ એટલે દહીં બને. એ દહીંને વલોવીએ એટલે માખણ બને. એ માખણને આપણે ગરમ કરીએ તો એમાંથી ઘી મળે. અને પછી ગમ્મત કરીને સમજાવે કે, એના કરતાં 'અમૂલ'નો તૈયાર ઘીનો ડબ્બો લાવીને રોટલી ઉપર ચોપડીને જમીએ એટલી સહેલી અને સરળ બાબત આ શાસ્ત્રોની છે ! આમ, સ્વામિનારાયણ ભગવાને શાસ્ત્રો પણ આપણા માટે સરળ કરી આપ્યાં. અહીંયાં ફાગણ સુદિ પૂનમના દિવસે વચનામૃત ગઢડા મધ્ય ૨૧માં સ્વામિનારાયણ ભગવાન જે વાત કહી ગયા છે એ વાતનો મુદ્દો સમજવો વધારે અગત્યનો છે. એમની જીવનલીલાના અનેક પ્રસંગો, એમની આજ્ઞા, એમનો અભિપ્રાય, એમની રુચિ અને એમણે આપેલા જીવન-સિદ્ધાંત; એ સઘળી બાબતો જણાવતું અને શાસ્ત્રીજી મહારાજનાં પ્રિય વચનામૃતોમાંનું એક વચનામૃત એવું આ ગઢડા મધ્યનું ૨૧મું વચનામૃત છે.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કીર્તન રહેવા દ્યો ને સર્વે સૂરત દઈને સાંભળો, એક વાર્તા કરીએ છીએ જે, જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વ જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન છે.**

વ્યાસ ભગવાને જેટલાં શાસ્ત્ર લખ્યાં છે એ બધાં અમે સૂરત રાખીને સાંભળ્યાં છે. ભગવાનનાં લીલાં ચરિત્રો ગાવાં અને સાંભળવાં એ પણ આનંદ પામવા માટેનું સાદું ને સરળ સાધન છે. સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિના જીવનચરિત્ર વિશે જ્યારે વાત કરવામાં આવે ત્યારે એમના 'જીવનના પ્રસંગો' એમ કહેવામાં આવે છે. પણ ભગવાનના જીવનપ્રસંગોને 'લીલા' કહેવામાં આવે છે. આપણે આપણા શરીરનો, આપણાં ઇન્દ્રિય-અંતઃકરણનો ઉપયોગ આપણી પ્રસન્નતા માટે અને ભોગ ભોગવવા માટે કરીએ છીએ. જ્યારે ભગવાન અને ભગવાનને ધારક પ્રગટ સત્પુરુષ જીવના કલ્યાણને અર્થે, ભગવાનનું કામ કરવા માટે એ ક્રિયા કરે છે; એટલે એ ક્રિયા નથી રહેતી, પણ એને 'લીલા' કહેવામાં આવે છે. અને એટલે જ આપણા હિન્દુ સંપ્રદાયમાં ભાગવતની કથા વિશેષ પ્રમાણમાં થાય છે. કારણ કે, એમાં ભગવાન શ્રીકૃષ્ણ અને દસેય અવતારની લીલાનું વર્ણન છે.

એક વખત એક પરમહંસ ભગવાનને પ્રશ્ન પૂછે છે કે, 'ભગવાનની આટલી બધી શક્તિ છે, સામર્થ્ય છે, ઐશ્વર્ય છે, પ્રતાપ છે તો પછી ભગવાને એમના ધામમાં રહીને જ જીવોનાં કલ્યાણ કરવાને બદલે ભગવાન કેમ પોતે પૃથ્વીલોક પર આવ્યા ?' ત્યારે ભગવાન એનો જવાબ આપે છે કે, 'અમે તો અમારા ભક્તોને લાડ લડાવવા માટે, અમારો સંબંધ આપીને એમને આનંદ પ્રાપ્ત કરાવવા માટે આવ્યા છીએ.' બાળસખાઓને ઘનશ્યામ જે રીતે આનંદ કરાવતા એ એમના જન્મ ધર્યાના હેતુઓમાંનો એક હેતુ હતો કે, 'સામાન્ય જીવ પણ અમારા સંબંધમાં આવે અને અમારી સાથે રમે, જમે, સંબંધ-સંપર્કમાં આવે. અમે જે ઝાડ હેઠળ બેસીએ, અમે જે ઢોરનું દૂધ જમીએ, અમે જે ભક્તનું ફળ કે અનાજ ગ્રહણ કરીએ એ સર્વને અમારો સંબંધ આપીને એમને મોક્ષમાર્ગના અધિકારી બનાવીએ; એ હેતુ લઈને અમે મનુષ્યદેહ ધરીને આ પૃથ્વી ઉપર પ્રગટ થઈએ છીએ.'

**અને એ સર્વે શાસ્ત્રને વિષે ભગવાનનાં ચરિત્ર છે કાં ભગવાનના સંતનાં ચરિત્ર છે. અને વર્ણાશ્રમના ધર્મની જે વાર્તા છે અને તેનું ફળ જે ધર્મ, અર્થ અને કામ છે; તેણે કરીને કાંઈ કલ્યાણ થતું નથી અને કેવળ વર્ણાશ્રમના ધર્મ વતે તો સંસારમાં કીર્તિ થાય ને દેહે કરીને સુખિયો રહે એટલું જ ફળ છે. અને કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વકર્તાહર્તા જાણવા એ જ છે. અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે. અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં.'**

આમાં મૂળ મુદ્દો તો સ્વામિનારાયણ ભગવાને 'હું પોતે મનુષ્ય શરીર ધારીને આ પૃથ્વી પર પ્રગટ થયો છું' એમ પોતે પોતાના સ્વમુખે આ 'વચનામૃત'માં સમજાવ્યું છે. અને સાથે સાથે ભગવાનના ભક્તો અને સાધુઓનું પણ માહાત્મ્ય સમજાવ્યું છે. કલ્યાણપ્રાપ્તિ માટેનો અદ્‌ભુત માર્ગ સ્વામિનારાયણ ભગવાને આ 'વચનામૃત'માં સમજાવ્યો છે. 'શિક્ષાપત્રી'માં તેઓએ સ્પષ્ટપણે લખીને આપ્યું છે કે, 'બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મની ઉપાસના કરવી. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમને ધારવા.' આજના સમયમાં આ વાત આપણે પ્રગટ સત્પુરુષ સાથે લગાડીને આપણને પ્રભુના પરમ તત્ત્વના ધારક એવા ગુરુ ગુણાતીત સ્વરૂપ જે મળ્યા છે એ સાધુનું માહાત્મ્ય સમજીએ અને એમના સંબંધવાળા સંતો-ભક્તોનું માહાત્મ્ય સમજીએ; એ જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર છે. સ્વામિનારાયણ ભગવાને અનેક વચનામૃતોમાં આવું સ્પષ્ટપણે લખીને અને ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતનું સાચું અને સહેલું ઈન્ટરપ્રિટેશન કરીને આપણને અક્ષરપુરુષોત્તમની ઉપાસનાની વાત સમજાવી છે. એ પછી ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદાને ગુરુ બનાવીને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે ભગવાન, ભગવાનના સંત અને ભગવાનના ભક્તનાં માહાત્મ્ય સુધી આપણને આ ઉપાસનામાર્ગને દૃઢ કરી આપ્યો. એવા સાધુમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે તેવી સમજણના 'ગઢડા પ્રથમ ૨૭ વચનામૃત'માં પણ મહારાજે બહુ મુદ્દાની વાત સમજાવી છે.

કાળક્રમે સ્વામિનારાયણ સંપ્રદાયની અનેક સંસ્થાઓ થઈ અને એ સંસ્થામાં અનેક એવા સદ્‌ગુરુ સંતો પણ પાક્યા. પણ એ બધાએ આધારભૂત જો કોઈ એક વાત લીધી હોય તો તે આ વાત લીધી છે, આ મુદ્દો લીધો છે કે, ભગવાન સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે. તે મને મારા ગુણાતીત ગુરુ દ્વારા પ્રાપ્ત થયા છે.

**પરમશ્વરને ભજવાની તો સર્વને ઈચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે.**

શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના એ આપણી સમજણ છે. અને એ સમજણમાં એવા એમના તત્ત્વના ધારક સાધુ કે જેમનામાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે, તેઓ ભગવાનરૂપ છે. એમનાં દર્શને પ્રભુનાં દર્શન થાય છે, એમનાં પૂજને પ્રભુનાં પૂજન થાય છે અને એમનાં પગલાં દ્વારા પ્રભુ જ આ પૃથ્વી પર વિચરી રહ્યા છે; એવાં અદ્‌ભુત કીર્તનો-પદો એ સમયમાં પરમહંસોએ રચ્યાં છે, પણ એ આપણી સમજણમાં, આપણી પ્રૅક્ટિસમાં આજે આવ્યાં. મહારાજના વખતમાં પરમહંસોએ જે પદો રચ્યાં છે એ પદોમાં પણ સંતનો આવો મહિમા ગાયો છે. તો એવા પ્રગટ ગુરુહરિ સાહેબદાદાને વિશે આપણો દિવ્યભાવ દિન-પ્રતિદિન વધતો જાય, એમના સંબંધવાળા ભક્તોને વિશે નિર્દોષભાવ વધતો જાય અને અરસપરસ એકબીજામાં આત્મબુદ્ધિ ને પ્રીતિ થતી જાય, કોઈનોય દોષ, ખામી, ઊણપ જોયા વગર, એની ટીકા-ચર્ચા કર્યા વગર, મને જે સ્વરૂપ મળ્યું છે એની ધન્યતાના ભાવથી આપણે જીવતા રહીએ એ જ જન્મદિવસની સાચી ઉજવણી છે.

આપણે પોતાનો જન્મદિવસ, પરિવારના સૌ સભ્યોનો જન્મદિવસ, પ્રગટ ગુરુહરિનો જન્મદિવસ અને ભગવાનના અવતારો-સ્વરૂપોનો જન્મદિવસ પણ એ રીતે ઊજવીએ અને આપણું પોતાનું જીવન જ એક ઉજવણી બની જાય, ઉમંગ અને આનંદનો મહોત્સવ બની જાય એવી કૃપા વરસાવે તેવી મંગલ પ્રાર્થના!

સર્વને પ્રાગટ્યદિનનાં ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ! ◆

# ભાગ્ય ભડે જહાં સંત પધારે

### સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં ધર્મ વિચરણ

અમેરિકાની ધર્મયાત્રા સંપન્ન કરી, અમેરિકામાં ભક્તોને સત્સંગનો દિવ્ય લાભ આપી સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સાધુ પૂ. મૂકેશદાસજી ૩ સપ્ટેમ્બરની સવારે પુન: ઇંગ્લૅન્ડ પધાર્યા. સૌ ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. સાંજે મિલનસભામાં અદ્‌ભુત લાભ આપ્યો. પૂ. અશ્વિનદાદાએ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી તેમજ અનેક ભક્તોના ઘરે, વ્યવસાય સ્થાને પધારી સૌ ભક્તોને ગોષ્ઠિ, સમાગમ અને દર્શનનું અનેરું સુખ આપ્યું. સંતો સાથે સમય ફાળવી આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યાં. ટ્રસ્ટીઓ અને અગ્રણીઓને મુલાકાત અને માર્ગદર્શન આપી સત્સંગ અને સમાજ-સેવાનાં કાર્યો માટે બળ પ્રદાન કર્યાં.

૫ સપ્ટેમ્બરે સાધુ પૂ. રમેશદાસજી ઝાલાવાડિયા, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. રાજુદાસજી અને પૂ. સંદીપદાસજી અમેરિકાથી પધાર્યા અને પાંચ દિવસ માટે રહ્યા. તે દરમિયાન તેઓએ અહીંનાં સૌ યુવાન-યુવતીઓ અને કાર્યકર્તાઓને ઇંગ્લૅન્ડ મંદિર દશાબ્દી મહોત્સવ ઉપક્રમે આવતા વર્ષે યોજાનાર 'સર્વોપરી ઉપાસના પર્વ-૨૦૨૫'નાં આયોજન અંગે તેમજ સંતભગવંત સાહેબજીને રાજી કરવા દરેક પ્રવૃત્તિઓ-સેવાઓ કરવાની સમજ આપી અદ્‌ભુત માર્ગદર્શન આપ્યાં.

૭ સપ્ટેમ્બરે શ્રી ઠાકોરજી સમક્ષ અ.નિ. લીલાધરભાઈની ત્રયોદશીની મહાપૂજામાં સર્વ કુટુંબીજનો-ભક્તોને આશીર્વાદ આપ્યા. બપોરે યુવાનો દ્વારા 'મૉન્ટી મૅમોરિયલ ટુર્નામૅન્ટ' યોજાઈ, તેમાં પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપ્યા. સાંજે મંદિરમાં યુવાનોને મૉન્ટી જે ભક્તિથી સેવામાં જોડાયેલ હતા તેની વાતો કરી. સાંજની સભામાં શ્રાવણ માસના નિયમનું 'વચનામૃત' સમજાવી માર્ગદર્શન આપ્યું. સૌ ભક્તોના ભાવ સ્વીકારી વૅમ્બલી-કિંગ્સબરી અને ઇકનહામની અઠવાડિક સભામાં પધારી સત્સંગસભાનો મહિમા સમજાવ્યો અને બ્રહ્મસ્વરૂપ યોગીબાપા, ગુરહરિ સંતભગવંત સાહેબજીના મહિમાનાં ગાન કરી સૌને આજ્ઞા પાળી લેવાની સમજ આપી.

૧૪ સપ્ટેમ્બરે મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ જળઝીલણીનો ઉત્સવ ભક્તિભાવથી ઉજવાયો. યુવાન-યુવતીઓએ શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવ્યું. પૂ. અશ્વિનદાદાએ બ્રહ્મસ્વરૂપ યોગીબાપા અને ગુરહરિ સંતભગવંત સાહેબજીની સ્મૃતિ સાથે શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવી, પ્રભુ સૌને ભક્તિથી, સેવાથી ભરપૂર રાખે અને સૌનું જીવન પ્રભુમય બને તેવા આશીર્વાદ આપ્યા. ૧૮ સપ્ટેમ્બરે મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ દાસત્વમૂર્તિ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનો પ્રાગટ્યદિન ઉજવાયો. પૂ. અશ્વિનદાદાએ પૂ. રતિકાકાના સાધુતાભર્યાં જીવન-માહાત્મ્યની વાતો કરી સૌને ભક્તિમાં તરબોળ કર્યાં.

વિશેષમાં આ વખતે પૂ. અશ્વિનદાદા પ્રથમવાર ડબલીન-આયર્લૅન્ડમાં સૌરભ-રુચિ સાંઘાણીના ઘરે પધાર્યા. ત્યાં અઠવાડિક સભામાં મનોજ-મેઘા, ભૂમિ, નમ્રતા, નૈતિક-શ્રેયા, ક્રિષ્ણા-અંકિત, પ્રશાંત, વિશ્વકર્મ, દીપ, રીના વગેરે ભક્તો એકત્ર થયાં, તેમને પૂ. અશ્વિનદાદાએ અદ્‌ભુત લાભ આપ્યો. 'આટલે દૂર આપ આવ્યાં છો તો



ડેન્હમ-ઇંગ્લૅન્ડ મંદિરે સંતોનાં સ્વાગત-પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ



ડેન્હમ-ઇંગ્લૅન્ડ મંદિરે જળઝીલણી ઉત્સવમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

સત્સંગ જાળવી રાખશો અને બ્રહ્મસ્વરૂપ યોગીબાપા-ગુરુહરિ સાહેબદાદાની રુચિ અને રાજીપો અઠવાડિક સત્સંગસભા કરીએ તેમાં છે, તો તેઓની પ્રસન્નતા પ્રાપ્ત થાય અને સાથે સર્વ રીતે સૌ સુખિયાં થાવ' તેવી મહિમાની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ આપ્યા.

૨૨ સપ્ટેમ્બરે સર્વપિતૃ શ્રાદ્ધની મહાપૂજામાં સર્વ વડીલો-સ્નેહીજનો-સંતો આદિ સૌ પ્રત્યેનું ઋણ સ્વીકાર કરી પિતૃતર્પણરૂપ મહાપૂજા અર્પણ થઈ. પૂ. અશ્વિનદાદાએ સૌ માતા-પિતા-વડીલો-ગુરુજનોને યાદ કરી, તેઓએ જે સંસ્કાર આપ્યા છે, તે વધારતા રહીએ તેવી સમજ આપીને આશીર્વાદ પાઠવ્યા. ૨૩ સપ્ટેમ્બરે ગુરુદેવ યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તેની ભજનસંધ્યામાં દીપકભાઈ કોટેચાની આગેવાની હેઠળ પૂ. અશ્વિનદાદાને પ્રિય એવાં પ્રાર્થનાનાં ભજનો સૌ યુવાન-યુવતીઓએ ગાઈને ભક્તિ અર્પણ કરી. પૂ. અશ્વિનદાદાએ 'સુખ સુખ છે મૂર્તિમાં...' ભજન સમજાવીને સંતભગવંત સાહેબજીની મૂર્તિમાં સદાય રત રહેવાની સૂઝ આપી અદ્‌ભુત લાભ આપ્યો.

૨૪ સપ્ટેમ્બરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સંતો સાથે લેઈસ્ટર પધાર્યા. સુનીલભાઈ-ગીતાબહેન કોટેચા, શરદભાઈ-કીર્તિબહેન વિસાણી, શારદાબા ઉનડકટ, બચુભાઈ-ઈન્દિરાબહેન મોરજરિયા, રજનીભાઈ-રેખાબહેન મશરૂ, ગજેન્દ્રભાઈ છત્રીસા આદિ ભક્તોના ઘરે પધરામણી કરી તેમજ રાકેશ ઠક્કરની ઑફિસ પર પધારી સૌને ગોષ્ઠિ-સમાગમનો અદ્‌ભુત લાભ આપ્યો. સાંજે વિજયકુમાર-દર્શનાબહેનના ઘરે સભામાં સૌને કથાવાર્તાનો અમૂલ્ય લાભ આપ્યો.

૨૫ સપ્ટેમ્બરે મંદિરે પધારેલ ભક્તોને ગોષ્ઠિનું સુખ આપ્યું તથા સંતોને આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યાં. ૨૬ સપ્ટેમ્બરે સાંજે ભાવિનભાઈ-મેઘનાબહેનના નિવાસસ્થાને પધારી ઈકનહામ મંડળના મુક્તોને સત્સંગલાભ આપ્યો. ત્યારબાદ પ્રજ્ઞેશભાઈ-અનુજાબહેનના ઘરે વૅમ્બલી-કિંગ્સબરી મંડળની અઠવાડિક સભામાં સૌ ભક્તોને સત્સંગસભાની અનિવાર્યતા સમજાવી, સૌની સેવાને બિરદાવી અઢળક રાજીપો વરસાવ્યો. ૨૭ સપ્ટેમ્બરે ઈસ્ટ લંડનમાં વશિષ્ઠભાઈ-નેહાબહેનના ઘરે પધરામણી કરીને ધૂન-પ્રાર્થનાઓ કરી. દીકરી શ્રીલાના રીડિંગ યુનિવર્સિટી ખાતેના ઍપાર્ટમૅન્ટમાં પધારી પ્રાર્થનાઓ કરી, આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ સંજયભાઈ-વર્ષાબહેનના ઘરે સત્સંગસભામાં ઈસ્ટ લંડનના સૌ ભક્તોની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા અને બળ પ્રદાન કર્યાં. વર્ષાબહેન અને દીકરી વનિશાના નવા આવાસમાં પધારી મહાપૂજામાં સૌ કુટુંબીજનોને ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા.

૨૯ સપ્ટેમ્બરે મંદિરે યોજાતી સત્સંગસભામાં મોટી સંખ્યામાં પધારેલ ભક્તોને 'વચનામૃત ગઢડા મધ્ય ૬૩-બળ પામવાનું'નું નિરૂપણ કરીને સંતભગવંત સાહેબજીની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે હળીમળીને કાર્ય કરવાની, અંતરાયથી રહિત થવાની અને સત્પુરુષના વચને સેવા-ભક્તિ અદા કરવાની સમજણ આપી. સાંજે હાર્દિકભાઈ-વિરાજબહેન મહેતાના ઘરે પધારી દીકરી યશસ્વી કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ અર્થે જતી હોવાથી તેને આશીર્વાદ આપ્યા. ૩૦ સપ્ટેમ્બરે વાસંતીબા સૂર્યકાંતભાઈ પટેલના ઘરે પધારી સૌ કુટુંબીજનોને ગોષ્ઠિ-સમાગમનો લાભ આપ્યો. મંદિરે પધારેલ ભક્તોને પણ આધ્યાત્મિક સુખ આપી રૂડો લાભ આપ્યો.

૧ ઑક્ટોબરના રોજ સાંજે મંદિરે યોજાયેલ વિદાય-મિલન સભામાં સૌને આશીર્વાદનું અનેરું સુખ આપ્યું. પૂ. અશ્વિનદાદાએ આગામી વર્ષ



ડેન્હમ-ઇંગ્લૅન્ડ મંદિરે સર્વપિતૃ શ્રાદ્ધની મહાપૂજામાં પ્રાર્થનારત સંતો



રવિવારની સત્સંગસભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

૨૦૨૫ના ઑગસ્ટ માસમાં ઉજવાનાર મંદિર દશાબ્દી મહોત્સવની જાહેરાત કરી તથા 'ઈંગ્લૅન્ડ સ્વામિનારાયણ મંદિર દશાબ્દી મહોત્સવની જય જય જય' એમ જયઘોષ કરાવી સૌને આખું વર્ષ મંદિર અને પ્રભુ તેમજ ગુરુની સ્મૃતિના અનુસંધાને જીવન જીવવાનાં સુંદર માર્ગદર્શન આપ્યાં. ૨ ઓક્ટોબરના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. મૂકેશદાસજી યોગેન્દ્રભાઈ સાથે સૌની વિદાય લઈને ગૅટવિક ઍરપૉર્ટથી ફ્લાઈટમાં ભારત પરત પધાર્યા. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોનાં ધર્મ વિચરણ

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીની ન્યૂઝીલૅન્ડની ધર્મયાત્રાનો પ્રારંભ ૭ સપ્ટેમ્બરથી થયો. ૮ સપ્ટેમ્બર હર્ષભાઈ-મેઘાબહેન, રાકેશભાઈ, ચિંતનભાઈ આદિના ઘરે પધરામણી કરી સૌ માટે ધૂન-પ્રાર્થનાઓ કરી. સાંજે જહૉનુભાઈ-અમિતાબહેનના ઘરમંદિરના શ્રી ઠાકોરજી મહારાજના દસમા પાટોત્સવની મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે પધારેલ અક્ષરમુક્તોને ગોષ્ઠિ-સમાગમનો અદ્‌ભુત લાભ આપ્યો. ૯ સપ્ટેમ્બરના રોજ નીલેશભાઈ જાની સુજલભાઈ, અતુલભાઈ જાની, અપેક્ષાબહેન શાહ અને મુંજાલભાઈ મણિયારના ઘરે પધરામણી કરી સત્સંગલાભ આપ્યો. ૧૦ સપ્ટેમ્બરે સંતો બુદ્ધ મંદિરે દર્શને પધાર્યા. ત્યાંથી અનિરુદ્ધભાઈના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી સત્સંગ-સમાગમનો લાભ આપ્યો. ૧૧ સપ્ટેમ્બરના રોજ સવારે નિકેશભાઈ બારોટના ઘરે મહાપૂજા કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ચંદ્રમૌલીભાઈ-રુઆબબહેન, હિમેશભાઈ-ભાવનાબહેનના ઘરે પધરામણી કરી સત્સંગલાભ આપ્યો. રાત્રે સૌ ભક્તોએ ભેગા મળી વિદાયસભામાં સંતોને ભાવભરી વિદાય પાઠવી.

ન્યૂઝીલૅન્ડમાં સત્સંગનું સુખ આપી, અનેક કાર્યક્રમોમાં ભગવદ્ સમાગમનો લાભ આપી સંતો ઑકલૅન્ડથી ૧૨ સપ્ટેમ્બરના રોજ ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બૅનમાં પધાર્યા. બ્રિસ્બૅન મંડળના સૌ મુક્તોએ ભાવથી પ્રથમ ઍરપૉર્ટ પર અને બીનાબા-દિલીપબાપુના ઘરમંદિરે સ્વાગત કર્યાં. સ્વાગતસભામાં સંતોએ સુંદર લાભ આપ્યો અને મંડળનાં સૌને મળીને ગોષ્ઠિનું સુખ આપ્યું. ૧૩ સપ્ટેમ્બરે સવારે અંકિતભાઈ-બિન્દીબહેનના નૂતન આવાસમાં મહાપૂજા કરી. સાંજે નીલેશભાઈ-નીલમબહેનના ઘરે પધરામણી કરી અને ઉપસ્થિત સૌ મુક્તોને સાધુ પૂ. ઉત્પલદાસજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અદ્‌ભુત લાભ આપ્યો.

૧૪ સપ્ટેમ્બરે ભૌમિકભાઈ-પૂર્વીબહેનના નૂતન આવાસનાં ભૂમિપૂજન માટે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો પધાર્યા. ત્યારબાદ ધર્મિનભાઈ-મિત્તલબહેનના નૂતન આવાસમાં મહાપૂજા કરી શ્રી ઠાકોરજીની નૂતન મૂર્તિ પધરાવી. આ પ્રસંગે સંપ, સુહૃદભાવ અને એકતા અંગેની સુંદર સમજણ સંતોએ આપી. વળી, જળઝીલણી એકાદશી નિમિત્તે પૂ. મનોજદાસજીએ 'આવ્યા હરિ ઊંડને તીરે' ભજન સમજાવી શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવી સૌને સ્મૃતિ આપી. ૧૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર બ્રિસ્બૅન મંડળના મુક્તોએ સૌ સંતો સાથે ગૉલ્ડ કૉસ્ટની મુલાકાત લીધી. ત્યાં દરિયા કિનારે સંતોએ સૌ બાળકોને અને સૌ મુક્તોને બ્રહ્માનંદ કરાવી જીવનનાં અદ્‌ભુત સંભારણાં આપ્યાં. ત્યારબાદ સંતોએ નીરવભાઈ-જૈમિનીબહેનના ઘરે પધરામણી કરી. સાંજે જીનેશભાઈ-હિનલબહેનના નૂતન આવાસમાં પધરામણી કરી, મહાપૂજા કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. ૧૬ સપ્ટેમ્બરે સવારે મૌલિકભાઈ-નિમિષાબહેનના નૂતન આવાસમાં સંતોએ



બ્રિસ્બૅનમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોનાં સ્વાગત



બ્રિસ્બૅન ઍરપૉર્ટ પર સૌ ભક્તો દ્વારા સંતોને ભાવભરી વિદાય

મહાપૂજા કરી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ જોયભાઈ–દેવયાનીબહેનના ઘરે પધરામણી કરી. રાત્રે મૌલિકભાઈ–નિમિષાબહેનના ઘરે પૂ. મનોજદાસજીએ સૌને બ્રહ્માનંદ કરાવ્યો અને ત્યારબાદ મંડળના સૌ મુક્તો સાથે સાઉથ બૅન્કની મુલાકાતે પધાર્યા. ૧૭ સપ્ટેમ્બરે સવારે સુજલભાઈ–દીક્ષિતાબહેનના આવાસમાં મહાપૂજા કરી પૂ. મનોજદાસજીએ આશીર્વાદ આપ્યા. સાંજે ધ્રુવાંગભાઈ–ભૂમિબહેનના નિવાસસ્થાને મહાપૂજા બાદ સભામાં સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ આશીર્વાદ વરસાવ્યા. ૧૮ સપ્ટેમ્બરે સવારે યશભાઈ–યાશિકાબહેન, અતુલભાઈ–નૂતનબહેનના ઘરે પધરામણીઓ કરી. ત્યારબાદ સંતો સાથે મંડળના સૌ મુક્તો ગૉલ્ડ કૉસ્ટમાં પધાર્યા, જ્યાં મંડળનાં બાળકો અને સૌ મુક્તોએ ખૂબ બ્રહ્માનંદ કર્યો અને હૈયે સ્મૃતિઓ અંકિત કરી. આ દિવસે રાત્રે વિદાય–મિલન સભામાં સંતોએ આશીર્વાદ પ્રદાન કરી સૌને અલભ્ય સુખ આપ્યું. મંડળના મુક્તોએ સંતો સાથે જે સમય પસાર કર્યો તેનાં દિવ્ય અનુભવદર્શન સૌએ કરાવ્યાં. સમગ્ર સમય દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીની નિત્ય પૂજા અને સંતો સાથે ગોષ્ઠિનો લાભ મંડળના સૌ મુક્તોએ લીધો.

૧૯ સપ્ટેમ્બરે સંતોએ બ્રિસ્બૅન મંડળના મુક્તોની ભાવભીની વિદાય લઈ સંતોએ મૅલબૉર્ન પ્રતિ પ્રસ્થાન કર્યું. સાંજે સંતો મૅલબૉર્ન પધાર્યા અને મૅલબૉર્ન ઍરપૉર્ટ પર સૌ સ્થાનિક ભક્તોએ તેઓને આવકાર્યા. રાત્રે જયેશભાઈ–લીલાબહેનના ઘરે સ્વાગત–સભામાં પધાર્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અદ્‌ભુત વાતો કરી ભૂતકાળને ભૂલીને, ભવિષ્યની ચિંતા ભગવાનને સોંપીને, વર્તમાનમાં આનંદપૂર્વક રહેવાની સમજ આપી.



મૅલબૉર્નમાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોની સ્વાગતસભા

૨૦ સપ્ટેમ્બરે સવારે વિપુલભાઈ–હિનાબહેનના ઘરે પધરામણી કરી સત્સંગલાભ આપ્યો તથા ઉપસ્થિત સૌ સાથે સત્સંગ–ગોષ્ઠિ કરી. સાંજે કૃણાલ–વિરલના ઘરે પધરામણી કરી સંધ્યા આરતી–ધૂન કરી. રાત્રે આલાપભાઈ અને કુટુંબીજનોને મળ્યા અને ગોષ્ઠિનો લાભ આપ્યો. ૨૧ સપ્ટેમ્બરે સવારે સત્યમભાઈ–જિજ્ઞાબહેનના આવાસે પધરામણી કરી. સભામાં મોટી સંખ્યામાં પધારેલ ભક્તો–અગ્રણીઓને સત્સંગનો લાભ આપ્યો. બાળમંડળના વિવાને 'સ્વામીની વાતો'ના મુખપાઠ કર્યા. કિરત–અક્ષરે શ્લોકગાન કર્યું. ત્રીશાએ અનુભવદર્શન કર્યું. છેલ્લા એક વર્ષમાં મૅલબૉર્ન મંડળની સભામાં યોજાયેલા–ઉત્સવો–સમૈયા વગેરેનો અહેવાલ રીતુ દ્વારા પ્રસ્તુત કરાયો, જેને ભક્તિ અને દ્વિતિએ તૈયાર કર્યો હતો. ત્યારબાદ સાધુ પૂ. સતીશદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને ગુરુ–માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સહજ–સરળ ભાષામાં સત્સંગની માર્મિક વાતો કરી સુંદર આશીર્વાદ આપ્યા. ૨૨ સપ્ટેમ્બરે રોજ સંધ્યા સમયે કૌશલભાઈ–પાયલબહેનના નવા આવાસમાં મહાપૂજા અને સભાનો અદ્‌ભુત લાભ આપ્યો. ૨૩ સપ્ટેમ્બરે જયેશભાઈ–હિનાબહેનના ઘરે અને ત્યારબાદ દર્પણભાઈ–યામીબહેનના ઘરે પધરામણી કરી. રાત્રે આલાપભાઈ–સોનલબહેનના ઘરે પધારી સત્સંગનો લાભ આપ્યો.

૨૪ સપ્ટેમ્બર, મંગળવારે અતુલભાઈ–જિમ્મીબહેનના ઘરે, રીતેશભાઈ–કલ્યાણીબહેનના ઘરે પધરામણી કરી. ત્યારબાદ બ્રિજેશભાઈ–નિકુંજબહેનના ઘરે મહાપૂજામાં પધાર્યા. રાત્રિ સત્સંગસભા વિક્રમભાઈ–રિંકુબહેનના ઘરે યોજાઈ, જેમાં ઉપસ્થિત ભક્તોને સત્સંગનો દિવ્ય લાભ સંતોએ આપ્યો.

૨૫ સપ્ટેમ્બરે ચિંતનભાઈ–રીમલબહેનના ઘરે અને ત્યારબાદ સ્નેહલભાઈ–અર્પિતાબહેનના ઘરે પધરામણી કરી. રાત્રે સંદીપભાઈ–રશ્મિબહેનના ઘરે વિદાય–મિલન સભામાં લગભગ ૧૦૦ ભક્તો પધાર્યા, તેઓ સૌને દર્શન–મુલાકાતનો લાભ આપ્યો. તન્મયભાઈ, રીતુ અને હિનાબહેને સંતો સાથેના દિવ્ય સ્વ–અનુભવો વ્યક્ત કર્યા. સાધુ પૂ. ઉત્પલદાસજીએ સુંદર માર્ગદર્શન આપ્યું અને રોજ અડધો કલાક ધૂન કરવાનું મહત્ત્વ સમજાવ્યું. સાધુ પૂ. સતીશદાસજીએ અઠવાડિક સત્સંગસભાનું મહત્ત્વ સમજાવ્યું. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સત્સંગ અને પરિવારમાં સંવાદિતા સ્થાપવાની વાતો કરી રૂડી સમજણ આપી. મંડળના સૌ મુક્તોને સદ્‌ગુરુ સાધુ પૂ.

મનોજદાસજીનો ખૂબ જ નજીકથી લાભ પ્રાપ્ત થયો તેનો સૌનાં હૈયે વિશેષ આનંદ હતો. જે ઘરોમાં પધરામણી થઈ, તે ઘરનાં સૌ બાળકોના અભ્યાસમાં રસ લઈને માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યાં. અનેક પ્રસંગે બાળકો સાથે બાળક બનીને રમત રમતા અને આનંદ કરાવતા દર્શન પણ થયાં. ૨૬ સપ્ટેમ્બરે તન્મયભાઈ-પલકબહેનના ઘરે ગોષ્ઠિનો લાભ આપી અંબુકાકા-ઊર્મિલાબા અને પૌત્ર પૂજનને મળી આનંદ કરાવ્યો. સૌની ભાવભરી વિદાય લઈને સાંજે ફ્લાઇટમાં સંતોએ સિડની પ્રતિ પ્રયાણ આદર્યું.

સિડનીમાં સૌ ભક્તોએ સંતોનાં ભાવથી સ્વાગત કર્યાં. સંતોએ 'નેશનલ યૂથ અને કિડ્સ શિબિર'માં પધારી અદ્ભુત લાભ આપ્યો.

### અનુપમ મિશન, ઑસ્ટ્રેલિયા દ્વારા નેશનલ યૂથ અને કિડ્સ શિબિર

૨૭થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ઑસ્ટ્રેલિયા-સિડનીમાં સી સાઇડ ગાર્ડન રિટ્રિટ ખાતે સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીની સંનિધિમાં નેશનલ શિબિર સાથે કિડ્સ અને યૂથ શિબિર યોજાઈ. યુવાવર્ગ અને બાલવૃંદ માટેનાં શિબિરનાં સત્રો સાથોસાથ ચાલતાં હતાં. બાળકોની શિબિરનો વિષય હતો 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'. આ શિબિરમાં ઑસ્ટ્રેલિયાનાં ચાર મુખ્ય સૅન્ટર્સ-સિડની, મૅલબૉર્ન, પર્થ અને બ્રિસ્બેનનાં ૩૦ જેટલાં બાળકોએ ભાગ લીધો. પૂ. મનોજદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાંચ સિદ્ધાંત બાળકોને સમજાય તે રીતે વર્ણવ્યા અને તેના પર મૅલબૉર્નનાં રીતુ, પૂજન, સિડનીનાં શુભમ, આશકા, શ્લોક, બ્રિસ્બેનનાં યોશા, તેજ અને પર્થના હેત, આદિત્ય આદિએ સુંદર પ્રૅઝન્ટેશન રજૂ કર્યાં.

યુવાનેતા સુસ્મિતા, અંજલિ (યુ.એસ.એ), ક્ષમા અને રીતુના નેતૃત્વ હેઠળ વિવિધ ટીમબિલ્ડિંગ પ્રવૃત્તિ અને આઉટડોર સ્પૉર્ટ્સ પ્રવૃત્તિઓ થઈ. પ્રશ્નોત્તરી સત્રમાં સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ યુવાનોના મનમાં ઊઠતા પ્રશ્નોનાં અદ્ભુત સમાધાન કર્યાં. નેશનલ શિબિરમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં સૌ બાળકોએ ભાગ લઈ પોતાનાં કૌશલ્યોનું પ્રદર્શન કર્યું, સાથે સાથે બાળકોએ ભેગાં મળીને રોજિંદા જીવનમાં બનતા પ્રસંગો દ્વારા સંપ, સુહૃદભાવ અને એકતાનાં દર્શન કરાવતો વિડિયો તૈયાર કરીને બતાવ્યો. સૌ બાળકોએ યુવાનેતાઓ સાથે ગોષ્ઠિ દરમિયાન શિબિરના પોતાના અનુભવો વ્યક્ત કર્યા. શિબિરમાં બાળકોના સહભાગ તથા તેમની સેવા-ભક્તિથી રાજી થઈ સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સૌ બાળકોને સંતભગવંત સાહેબજીના શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યના ભાગરૂપ થવા માટે ખૂબ શક્તિ અને ભક્તિ મળે તેવાં રૂડાં આશીર્વાદ અને માર્ગદર્શન આપ્યાં.

યુવાનો અને યુવાગૃહસ્થો માટેની શિબિરનો મુખ્ય વિષય હતો - 'સત્પુરુષ મોક્ષનું દ્વાર'. ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડના ૧૦૦થી વધુ ભક્તોએ આ શિબિરમાં ભાગ લીધો. શિબિરનો પ્રારંભ દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો. પ્રથમ દિવસે સંતોએ વિષય આધારિત અદ્ભુત અધ્યાત્મજ્ઞાન સાથે મોક્ષની સાચી સમજણ પ્રદાન કરી.

શિબિરસત્રો દરમિયાન અંબુકાકા, સુશીલાબા, બીનાબા, દીપેનભાઈ, કેયૂરભાઈ, તન્મયભાઈ, અંકિતભાઈ, ધર્મિનભાઈ, અનિતાબહેન, રીતુ, ક્ષમા, મિત્તલબહેન, આરતીબહેન, શીતલબહેન, નિમિષાબહેન, મીનલબહેન, હિનલબહેન આદિ ભક્તોએ સુંદર મહિમાગાન કરી સૌને ભક્તિરસમાં તરબોળ કર્યાં.

સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ વિષય અનુરૂપ માર્ગદર્શન આપી જીવનને સેવા, ભક્તિ, મહિમા અને સત્સંગથી ભરી દેવાની સુંદર સમજણ આપી. સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ 'વચનામૃત'ના આધારે શિબિર વિષયની સમજણ સ્પષ્ટ કરી. તેઓએ મોક્ષપ્રાપ્તિ અર્થેનાં ચાર પગથિયાં - દૃઢ આશરો, નિર્વિકલ્પ નિશ્ચય, સંત સાથે પ્રીતિ અને સંપ-સુહૃદભાવ-એક્તાથી મહિમાસભર સેવા અંગે અદ્ભુત માર્ગદર્શન આપ્યાં.

સમગ્ર શિબિર બાલ અને યુવાવર્ગ માટે અવિસ્મરણીય અનુભવ બની રહી. સૌ સક્રિય કાર્યકર્તાઓએ સંતોનાં માર્ગદર્શન મુજબ અનુપમ મિશન-ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ રુઘાણીના નેતૃત્વમાં ઉતારા, રસોડા, ટ્રાન્સપોર્ટ આદિ સઘળી વ્યવસ્થાઓ સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવથી સંભાળી અદ્ભુત ભક્તિ અદા કરી. ◆



સિડનીમાં નૅશનલ યૂથ-કિડ્સ શિબિરના દીપપ્રાગટ્યથી શુભારંભ



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૫ સપ્ટેમ્બર, ગુરુવાર...** સવારે ડલાસમાં કૃપાબહેન-જયંતભાઈના ઘરે સૌ ભક્તોને દર્શન-સ્મૃતિનો લાભ આપી, ઘરમંદિરમાં આરતી કરી ડલાસ ઍરપૉર્ટ પધાર્યા. ઍરપૉર્ટ પર સૌને ગોષ્ઠિનો લાભ આપીને ફ્લાઈટમાં સાનઑઝે, કૅલિફોર્નિયા જવા માટે વિદાય થયા. બપોરે સાનઑઝે ઍરપૉર્ટ પર ભાવેશકુમાર અને સૌ ભક્તોના સ્વાગતના ભાવ સ્વીકારી સંદીપભાઈ-શિલ્પાબહેનના ઘરે પધારી સ્વાગત-પૂજનના ભાવ સ્વીકાર્યા. સાંજે ભાવેશકુમાર-છાયાબહેનના ઘરે યોજેલ સભામાં પધાર્યા. ન્યૂઝીલૅન્ડ-ઑસ્ટ્રેલિયા જતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને પૂ. ઉત્પલદાસજીને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં. સાધુ પૂ. મનોજદાસજીએ સુંદર પ્રાર્થના ધરી. અંતે સંતભગવંત સાહેબજીએ ભગવાનનું કાર્ય, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનનું કાર્ય સંતો દ્વારા થવાના રૂડા આશીર્વાદ આપ્યા ને તેઓને ઍરપૉર્ટ જવા વિદાય આપી.

**૬ સપ્ટેમ્બર શુક્રવાર...** ફ્રિમૉન્ટમાં સાંજે સંદીપભાઈની ઑફિસ પર પધરામણી કરી. મિલીપીટ્સમાં બી.એ.પી.એસ. મંદિરે દર્શન કરી, નીલકંઠવર્ણીની મૂર્તિનો અભિષેક કર્યો. ત્યાંથી હર્ષિદાબહેન-નીલેશભાઈ સિદ્ધપુરાના ઘરે પધાર્યા. સ્વાગત-પૂજન બાદ ઘરમંદિરમાં આરતી અર્પણ કરીને સભામાં ભક્તોને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠા જીવનમાં કેવી રીતે દૃઢ થાય તેની વિસ્તારથી સમજ આપી સૌને ધન્ય કર્યાં. સભા બાદ સૌ ભક્તોને દર્શન-મુલાકાતનો લાભ આપ્યો. રાત્રિરોકાણ માટે સંદીપભાઈ-શિલ્પાબહેનના ઘરે પધાર્યા.

**૭ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે ફ્રિમૉન્ટના ચર્ચના હૉલમાં બૅ ઍરિયાની જાહેરસભામાં પધાર્યા. જ્યાં બાળકો, યુવાનો, વડીલો દ્વારા પૂજન, પુષ્પાર્પણ અને સ્વાગતનૃત્યથી વિશેષ સ્વાગત થયાં. સાધુ પૂ. બિમલદાસે વિવિધ દૃષ્ટાંતો સહિત સુંદર માહાત્મ્યગાન કર્યાં. ત્યારબાદ સૌ ભક્તો સંપ, સુહૃદભાવ, એકતા રાખી-હળીમળી સત્સંગ કરે છે તેથી પ્રસન્નતા વરસાવી સ્થાનિક ભક્તોની અહીં મંદિર કરવાની ઇચ્છાને અનુમતિ આપી. આ માટે સૌને રોજ અડધો કલાક ધૂન, નિયમિત અઠવાડિક સત્સંગસભા અને કોઈ એક નિયમ લેવા આજ્ઞા કરી સાહેબદાદાએ રૂડા આશીર્વાદ આપ્યા. સભામાં ઘણા મહાનુભાવો પધાર્યા, તેઓ સૌને સભા બાદ ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૮ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે સંદીપભાઈ-શિલ્પાબહેનના ઘરમંદિરના શ્રી ઠાકોરજીના સાતમા પાટોત્સવનાં પૂજન કરી આરતી અર્પણ કરી. ત્યાંથી ચેતનભાઈ-નેહાબહેનના ઘરે પધારી ધૂન-આરતી કરી. ત્યાં પધારેલ મંડળના સૌ મુક્તોને દર્શન-આશિષનો લાભ આપી ભાવેશકુમાર-છાયાબહેનના ઘરે પધાર્યા. ઘરમંદિરમાં પૂજન-આરતી અર્પણ કરી સાનફ્રાન્સિસ્કો ઍરપૉર્ટ પરથી સૌની ભાવભરી વિદાય લઈ લૉસ ઍન્જલસ જવા વિદાય થયા. લૉસ ઍન્જલસ ઍરપૉર્ટ પર ઘણી મોટી સંખ્યામાં યુવાનો-વડીલો સ્વાગત માટે પધાર્યા. સૌના સ્વાગતના ભાવ ઝીલી નોરવૉક ઉપાસના ધામ સ્થિત મંદિરે દર્શનાર્થે પધાર્યા. સાંજે યુવતીઓ-બહેનોએ ભક્તિસભર સ્વાગતનૃત્ય રજૂ કર્યું. સભામાં પરેશભાઈ, ડૉ. વીરેન્દ્રભાઈનાં પ્રાસંગિક પ્રવચન બાદ સ્વાગતનૃત્ય કરનાર સૌ ઉપર ખૂબ રાજીપો દર્શાવ્યો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે કેવા ભીડા વેઠ્યા તે પ્રસંગો જણાવી ઉપાસના-મહિમાની અદ્‌ભુત વાતો કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા. સભા બાદ સૌને દર્શન-મુલાકાતનો આનંદ કરાવી રાત્રિરોકાણ માટે રીતુબહેન-શાનુ નિગમના ઘરે યોર્બા લિન્ડા પધાર્યા.

**૯ સપ્ટેમ્બર સોમવાર...** રીતુબહેન-શાનુ નિગમના ઘરે સવારે ગોષ્ઠિ-સ્મૃતિનો લાભ આપ્યો. મંદિરમાં આરતી કરી, દર્શન માટે આવેલ સૌ અક્ષરમુક્તોને સત્સંગનો લાભ આપ્યો, શ્રી રવીન્દ્રભાઈ, શ્રી બી.યુ. પટેલ આદિને મુલાકાત આપી. ડાયમંડબારમાં અરવિંદભાઈ સંઘવી, રાન્ચો સાન્ટા માર્ગરીટા

નોર્થમાં આનલબહેન-વિવેકભાઈ ભુતા, મિશનવેહોમાં હિતેશભાઈ-મમતાબહેન, ઇરવાઇન નોર્થવૂડમાં નિમેષભાઈ-ભક્તિબહેન, એનહાઈમમાં મેહુલભાઈ-ભાવિતાબહેન આદિ ભક્તોના ઘરે પધરામણી કરી ભીડા-ભકિતનું અદ્‌ભુત દર્શન કરાવ્યું. રાત્રે ઉપાસના ધામ સ્થિત મંદિરમાં યોજેલ સભામાં પધારેલ ભક્તોને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના દઢ હોય તો જીવનમાં કેવાં પરિવર્તન થાય તેને પ્રત્યક્ષ મુકતોનાં જીવનવૃત્તાંત વર્ણવી અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. સભા પછી દીકરીઓને જીવન જીવવાની સુંદર વાતો કરી, ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૦ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે રીતુબહેન-શાનુ નિગમના ઘરે ગોષ્ઠિનો લાભ આપ્યો. ઘરમંદિરમાં આરતી અર્પણ કરીને અલકાબહેનની જૉબ-ઑલ્ડ પીપલ કેર હૉમની મુલાકાત લીધી. તેના માલિક મારિયાના અને સુઝીને મળી ધૂન, પ્રાર્થના અને મંદિરની અનિવાર્યતા વિશે વિશેષ સમજ તથા સંબંધયોગ આપ્યો. તે પછી નોર્કો-કોરોના ઍરિયામાં કામિનીબહેનના ભાઈ પ્રણવભાઈ-સ્નેહલબહેન, સાઉથ કોરોનામાં સંદીપભાઈ-વિભાબહેન, રાન્ચો ફોન્ટાનામાં ડૉ. મિહિરભાઈ-રિન્કુબહેન, અપલેન્ડમાં શીતલબહેન ગાંધી બપોરે ઈસ્ટ વિલમાં હિતેશભાઈ (લાલાભાઈ)-સ્મિતાબહેન, કોરોનામાં વત્સલભાઈ-અસ્મિતાબહેન આદિના ઘરે પધરામણીઓ કરી, ધૂન-ભજન-પ્રાર્થના કર્યાં. સાંજે નોરવૉક-ઉપાસના ધામ સ્થિત મંદિરે સભામાં સૌ ભક્તોને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અંગે સમજ આપી. મંદિરમાં શ્રી ઠાકોરજી બિરાજ્યા પછી સૌનાં જીવનમાં મહિમા, સંપ, સુહૃદભાવ, એકતા વધ્યાં છે તે જણાવી પ્રસન્નતા બતાવી. દિનશા અને ભાવિનભાઈની આગેવાનીમાં સૌને સત્સંગ, સેવા કરતાં રહેવાની આજ્ઞા કરી. મંદિરે શ્રી ઠાકોરજી અને સંતોના થાળની સેવામાં રત હેમાબહેન પર પ્રસન્ન થઈ બહેનો દ્વારા શાલ, ખેસ, સાડી અને કંઠીથી સન્માન કરાવ્યું. સભા બાદ સૌને દર્શન-મુલાકાતનો લાભ આપ્યો.

**૧૧ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે રીતુબહેન-શાનુ નિગમના ઘરે વિદાયવેળાએ દર્શનાર્થે પધારેલ સૌ મુક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ઘરમંદિરમાં આરતી અર્પણ કરી નોરવૉક-ઉપાસના ધામ સ્થિત મંદિરે દર્શન કરવા પધાર્યા. મંદિરે સેવા અર્પણ કરી રહેલા સાધુ પૂ. ગિરીશદાસજી અને પૂ. ઘનશ્યામદાસજીને તેમજ ડૉ. વીરેન્દ્રભાઈ, બારીન્દ્રભાઈ અને સ્થાનિક ભક્તોની ભાવભરી વિદાય લઈ દિનશા, ભાવિનભાઈ સાથે ઍરપૉર્ટ પધાર્યા. ત્યાં ઘણા મુક્તો વિદાય આપવા પધાર્યા. લૉસ ઍન્જલસ ઍરપૉર્ટથી ઍટલાન્ટા થઈ મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા ત્યારે સંતો તેમજ સ્થાનિક ભક્તોએ અત્યંત ભાવથી સ્વાગત કર્યાં. વડીલ સાધુ પૂ. નરેન્દ્રદાસજી અને સંતો તેમજ ભરતભાઈ કઢીવાલા, સત્યેનભાઈ કઢીવાલા આદિ ભક્તો સાથે ગોષ્ઠિ કરી.

**૧૨ સપ્ટેમ્બર, ગુરુવાર...** સવારે સૌ સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે મંદિરમાં દર્શન કરી સભામાં સૌને પિયોરિયાથી ઍલનટાઉન મંદિરે પધાર્યા તે દરમિયાનના વિચરણનો અહેવાલ આપી સૌ સંતો-ભક્તોની સેવા-ભક્તિ-સમર્પણના મહિમાનું ગાન કર્યું. હેરીસબર્ગમાં સત્યેનભાઈ-રેશ્માબહેન કઢીવાલાની નવી મૉટેલ પર સંતો સાથે પધારી મૂર્તિનાં પૂજન કરી, ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી રૂડા આશીર્વાદ લખી આપ્યા. રાત્રે ઍલનટાઉન મંદિરે ઉપસ્થિત સૌ ભક્તોને આનંદબ્રહ્મ કરાવ્યો.

**૧૩ સપ્ટેમ્બર, શુક્રવાર...** સવારે ઍલનટાઉન મંદિરે સંતનિવાસમાં બિરાજી ફોન દ્વારા અનેક ભક્તોને લાભ આપ્યો. બપોરે મંદિરે દર્શન કરી ઉપસ્થિત સૌ ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે ઍલનટાઉનમાં ડૉ. જય કઢીવાલાની જનરલ પ્રૅક્ટિસ પર સૌ સંતો સાથે પધરામણી કરી, પૂજન, ધૂન, આરતી અર્પણ કરી આશીર્વાદ આપ્યા. સાંજે સભામાં શ્રી હરીશભાઈ જોષી અને ડૉ. જય કઢીવાલાનાં અભિવાદન કર્યાં તથા સૌને આશીર્વાદનો સરસ લાભ આપ્યો. સભા બાદ વિદાય લેતા ભક્તોને મુલાકાત આપી આનંદ કરાવ્યો.

**૧૪ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે ઍલનટાઉન મંદિરે સ્થાનિક ભક્તોને લાભ આપ્યો. જળઝીલણી એકાદશી નિમિત્તે સાંજે મંદિરની લોનમાં સુંદર જળકુંડ નિર્માણ કર્યો હતો, ત્યાં સંતો-ભક્તોએ જલઝીલણી એકાદશી ઉત્સવની અત્યંત ભક્તિભાવે ઉજવણી કરી. જેમાં બાળકો-યુવાનોએ કોરસ ભજન, વક્તવ્ય તથા નૃત્ય રજૂ કરી સૌનો રાજીપો પ્રાપ્ત કર્યો. પ્રાસંગિક પ્રવચન વડીલ સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ કર્યું. અંતે સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે ઍલનટાઉન મંદિરે સૌને બ્રહ્માનંદ કરાવ્યો. સાંજે લૅન્સડૅલમાં રોહિતભાઈ-રેખાબહેનના ઘરે પધરામણી કરી. સ્વાગત-પૂજન બાદ ઘરમંદિરમાં ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી. ત્યારબાદ યોજેલ સભામાં ઍલનટાઉન મંદિરની દરેક સેવામાં મહિમાથી સદાય તત્પર રહેતા લૅન્સડૅલ મંડળના સૌ મુક્તો પર રાજીપો વરસાવ્યો તેમજ 'આમ જ સદાય મંદિર અને સંતોના યોગમાં રહી જીવન જીવશો તો સૌ ભક્તો વિશેષ સુખી બની રહેશો' તેવા રૂડા આશીર્વાદ આપ્યા. સૌ ભક્તોને આનંદબ્રહ્મ કરાવી હાટફિલ્ડમાં જિગર-મનીષા, ભાગ્યેશ-દીપ્તિના ઘરે પધરામણી કરી, પૂજન-આરતી-ધૂન કરી મોડી રાત્રે મંદિરે પધાર્યા.

**૧૬ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે ઍલનટાઉન મંદિરમાં અલ્પાહાર દરમિયાન ભારત-મોગરી 'ઉપાસના'માં નિવાસ કરતા સંતોને ગોષ્ઠિનો સરસ લાભ આપ્યો. મંદિરમાં દર્શન કરવા પધાર્યા. ઉપસ્થિત સૌ ભક્તોનાં પૂજન કરી, ધૂન કરાવી ને ગોષ્ઠિનો લાભ આપ્યો. સૌને મળીને ઍટલાન્ટા જવા ઍલનટાઉન ઍરપૉર્ટ પર પધાર્યા. જ્યાં વિકીભાઈ (ફ્રિમૉન્ટ), મિહિર-રાજવી (મૅરિલૅન્ડ) આદિને ગોષ્ઠિનો લાભ આપ્યો. ફ્લાઇટમાં ઍટલાન્ટા પધાર્યા. જ્યાં ફ્લૉરિડા મંડળના ભક્તો ખાસ દર્શનાર્થે તથા સ્વાગત કરવા પધાર્યા હતા. ત્યાંથી ઍટલાન્ટા અને હાયરામમાં આવેલા નીલેશભાઈ-પ્રેક્ષાબહેનના નવા સ્ટોર, પૅટ્રોલપંપ અને ફાર્મહાઉસ પર પધરામણી કરી, ધૂન-મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. ત્યાંથી ડૉ. રાહુલ પટેલના ઍપાર્ટમૅન્ટ પર પધાર્યા. પૂજન-પુષ્પાર્પણ બાદ આરતી-થાળ અર્પણ કર્યાં. સ્નેહીશ્રી આર. સી. પટેલ, નીલેશભાઈ-મંજુબહેન, જયદીપભાઈ અને ફ્લૉરિડાથી પધારેલ સૌ ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મોડી સાંજે નીલેશભાઈ-પ્રેક્ષાબહેનના ઘરે પધાર્યા, જ્યાં યુ.કે.થી પધારેલ યોગેન્દ્રભાઈ-મીનુબહેનની સાથે ગોષ્ઠિ કરી, સૌ કુટુંબીજનોને આશીર્વાદ આપ્યા.

**૧૭ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે નીલેશભાઈ-પ્રેક્ષાબહેનના ઘરમંદિરમાં આરતી અર્પણ કરી, અહીં અઠવાડિક સત્સંગસભા ચાલુ કરવાની આજ્ઞા કરી. દીકરા અર્પિત-ખુશબોને તેમાં સાથ આપવા જણાવ્યું. ઍટલાન્ટામાં સહાધ્યાયી ઈન્દુભાઈ (ઓડ)ના ઘરે પધરામણી કરી. મંજુભાભી બીમાર હોવાથી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ખાસ ધૂન-પ્રાર્થના કરી તથા પરિવારના સૌ મુક્તો સાથે જૂની સ્મૃતિઓ કરી ગોષ્ઠિનો આનંદ માણ્યો. ત્યાંથી હરીશભાઈ-મોનાબહેનના ઘરે પધાર્યા. ત્યાં ગૌરાંગભાઈ, નિતુભાઈ, હેમંતભાઈ અને અન્ય અનેક સ્નેહીજનો મળ્યાં. સૌને મળી ઍટલાન્ટા ઍરપૉર્ટથી ફ્લાઇટમાં રાલે પધાર્યા. સ્થાનિક ભક્તોએ રાલે ઍરપૉર્ટ પર સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી ભૂમિકા, હિતેશભાઈ-ગીતાબહેનના ઘરે પધાર્યા. જ્યાં રાલે મંડળના સૌ ભક્તોએ ખૂબ ઉમંગભેર સ્વાગત કર્યાં. સભામાં પૂજન-પુષ્પાર્પણ બાદ સાધુ પૂ. બિમલદાસે પ્રાસંગિક લાભ આપ્યો. ત્યારબાદ સૌ મુક્તોની ઉમંગ-ભક્તિને બિરદાવી રૂડા આશીર્વાદ આપ્યા. સૌ ભક્તોને મળી મોડી રાત્રે શીતલબહેન-વિપુલભાઈના ઘરે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૧૮ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે શીતલબહેનના ઘરે મંગલપૂજામાં 'યોગીગીતા'માંથી યોગીબાપાની 'હૃદયની વાતો' ઉપર વાત કરી આશીર્વાદ પાઠવ્યા. ઉપસ્થિત સૌ મુક્તોને અંગત મુલાકાત આપીને રિચમંડ જવા માટે કારમાં નીકળ્યા. રસ્તામાં ફાર્મવિલમાં બિજલબહેન-સમીરકુમારના દીકરા સમાહિતના સ્ટૉર પર પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. એમેલિયામાં આશિષ-જલ્પાની મૉટેલ પર પધારી ધૂન-પ્રાર્થના કરી રિચમંડ મંદિરે પધાર્યા, જ્યાં સમગ્ર મંડળે ભાવથી સત્કાર્યા. મંદિરમાં મૂર્તિનાં દર્શન કરી સભામાં બિરાજ્યા. મનીષભાઈ, જશુબહેન, પ્રેરણાબહેન આદિનાં પ્રવચન બાદ બાળકો, યુવાનો દ્વારા 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુપ્રસન્નતા' વિષય ઉપર પ્રસ્તુત કલ્ચરલ પ્રૉગ્રામ નિહાળી સૌ કલાકાર અક્ષરમુક્તોને બિરદાવી ખૂબ પ્રસન્નતા વરસાવી. અંતે સભામાં ઉપસ્થિત સૌને રૂડા આશીર્વાદ પાઠવી ધન્ય કર્યાં. સૌને મળી ભાવેશભાઈ-કિરપાબહેનના ઘરે પધાર્યા. રાત્રે સૌ પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૯ સપ્ટેમ્બર, ગુરુવાર...** સવારે ભાવેશભાઈના ઘરે મંગલપૂજામાં સત્સંગલાભ આપ્યો. બપોરે મંદિરે મિતુલભાઈ-પૂર્વીબહેનના યજમાનપદે આયોજિત મહાપૂજામાં પધારી આશીર્વાદ આપ્યા તથા સભામાં ઉપસ્થિત સૌને સત્સંગની

અદ્‌ભુત સમજ આપી આશીર્વાદ વરસાવ્યા. સાંજે ચેસ્ટરમાં જશુબહેન-અનિલભાઈના આવાસમાં ઘરમંદિરમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા મહાપૂજામાં પધારી ઉપસ્થિત સૌ ભકતોને સત્સંગમાં કુટુંબના સૌ મુકતો સાથે કેવા ભાવ અને સમજણથી જીવવું તેની અદ્‌ભુત વાતો કરી સુંદર આશીર્વાદ આપ્યા. રાત્રે કીર્તનભક્તિનો આનંદ માણ્યો. મોડી રાત્રે ભાવેશભાઈના ઘરે પધાર્યા.

**૨૦ સપ્ટેમ્બર, શુક્રવાર...** સવારે મંગલપૂજામાં ભાવેશભાઈ અને કુટુંબીજનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. ઘરમંદિરમાં આરતી અર્પણ કરી સૌની ભાવભરી વિદાય લીધી. સામે રહેતા બિરેનભાઈ શાહના ઘરે પધરામણી કરી, રિચમંડ ઍરપૉર્ટથી ફલાઇટમાં બફેલો પધાર્યા. જ્યાં ડૉ. સિદ્ધાર્થભાઈ-સુજાતાબહેન, ડૉ. યોગેશભાઈ ને સાધુ પૂ. યજ્ઞેશદાસજી, ચંદ્રેશભાઈ, ચેતનભાઈ ને યુવાનો સ્વાગત માટે પધાર્યા. ઍરપૉર્ટથી ભારતીબહેનના ઘરે પધારી, તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી ડૉ. સિદ્ધાર્થભાઈના ઘરે પધાર્યા. સ્વાગત-પૂજન બાદ ઘરમંદિરમાં આરતી અર્પણ કરી, ઘનશ્યામભાઈ-કુમુદબહેન આદિ મુકતોને મળ્યા તથા સભામાં આશીર્વાદ પાઠવ્યા. ડૉ. સિદ્ધાર્થભાઈના ઘરે રાત્રિરોકાણ કર્યું.

**૨૧ સપ્ટેમ્બર, શનિવાર...** સવારે ડૉ. સિદ્ધાર્થભાઈના ઘરમંદિરમાં આરતી અર્પણ કરી ડૉ. તેજેનભાઈ, દીપકભાઈ દાણી, સુરેન્દ્રભાઈ, ડૉ. યોગેશભાઈ આદિ સૌને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. સૌ યુવાનોને મળી ડૉ. તેજેનભાઈ-પારુલબહેનની કારમાં ટોરોન્ટો-કેનેડા જવા વિદાય લીધી. બપોર પછી કેનેડામાં ધવલભાઈ-મેઘાબહેનના ઘરે પધાર્યા, તેઓએ ભાવથી સ્વાગત કર્યાં. ત્યાંથી ટોરોન્ટો મંદિરે પધાર્યા, જ્યાં સૌ ભકતોએ સ્વાગત કર્યાં. સ્વાગતસભામાં સૌને સત્સંગલાભ આપ્યો. સભા પછી ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. ધવલભાઈના ઘરે રાત્રિરોકાણ કર્યું. મોડી રાત્રે-વહેલી સવારે ફોન દ્વારા ભારતમાં સદ્‌ગુરુ સાધુ પ.પૂ. રતિકાકાના ૮૬મા પ્રાગટ્યદિનની સભામાં આશીર્વાદ આપ્યા.

**૨૨ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે ધવલભાઈ-મેઘાબહેનના ઘરે મંગલપૂજામાં સૌ પરિવારજનોને તથા સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવી મંદિરે પધાર્યા. બપોરે યુવાનોની પ્રશ્નોતરીની સભામાં સુંદર માર્ગદર્શન આપ્યાં. ત્યારબાદ જનરલ સભામાં પધારી સૌને રૂડા આશીર્વાદ આપી રાત્રે ધવલભાઈના ઘરે પધાર્યા.

**૨૩ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે સૌની ભાવભરી વિદાય લઈને ટોરોન્ટો ઍરપૉર્ટ પરથી ફ્લાઇટમાં ન્યૂજર્સી પધાર્યા, ન્યૂજર્સી ઍરપૉર્ટ પર સંતો-ભક્તોના સ્વાગતભાવ સ્વીકારી પિસ્કાટવેમાં સંજયભાઈ-મિત્તલબહેન, બ્રિજેશભાઈ-કોમલબહેન, નીતિનભાઈ-મોનાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-ભજન-પ્રાર્થના કર્યાં. ત્યાંથી ચિરાગભાઈ-પ્રિયાબહેનના ઘરે પધાર્યા. ત્યાં સ્વાગત બાદ ન્યૂજર્સી મંડળના ભકતોની સભામાં સંતસમાગમ અને નિયમિત સત્સંગસભાના મહત્ત્વની વાતો કરી રૂડા આશીર્વાદ આપ્યા. સભા બાદ સૌ ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપીને રિન્કેશ-દીપાલીના ઘરે પધરામણી કરી, ઍલનટાઉન મંદિરે જવા માટે પ્રસ્થાન કર્યું. મોડી રાત્રે ઍલનટાઉન પધાર્યા.

**૨૪ સપ્ટેમ્બર, મંગળવાર...** સવારે ઍલનટાઉન મંદિરે 'સોનામૃત'માં અલ્પાહાર માટે પધારી સૌ સ્થાનિક ભક્તોને વિશેષ સ્મૃતિ આપી આનંદ કરાવ્યો. બપોરે નડીયાદ-ભારતથી આવેલા શારદા મંદિર શાળાના સંગીત શિક્ષક સદાશિવભાઈ અને ટીમને મુલાકાત આપી તથા તેઓના અમેરિકામાં કાર્યક્રમની સફળતા માટે આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઑરફિલ્ડમાં રાજાભાઈ-સુનિતાબહેનના ઘરે પધરામણી કરી. સ્વાગત-પૂજન બાદ આરતી અર્પણ કરી. ત્યારબાદ સભામાં પધારેલા સૌ ભક્તોને ઍલનટાઉન મંદિરની સેવા મળી છે તેને મોટાં ભાગ્ય માનીને સેવા કરવાની અદ્‌ભુત પ્રેરણા આપી આશીર્વાદ આપ્યા. મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા.

**૨૫ સપ્ટેમ્બર, બુધવાર...** સવારે ઍલનટાઉન મંદિરે સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મંગલપૂજા બાદ મંદિરમાં પધાર્યા ને ઇંગ્લેન્ડ જવા માટે નીકળતા યુવાનો મિલન અને દેવને આશીર્વાદ આપ્યા. સાંજે વ્હાઇટ હૉલમાં આવેલ સુભાષભાઈ-બકીબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના-આરતી અર્પણ કરી. ત્યાંથી બેથલેહામમાં રાજેશભાઈ-અર્ચનાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના-આરતી

અર્પણ કરી. તેઓની દીકરી શિવાનીને મૅડિકલની પરીક્ષા માટે મૂર્તિ અને માળા આપી ધૂન કરવાની આજ્ઞા આપી. તે પછી ચેતનાબહેન કઢીવાલાના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી, સૌ કુટુંબીજનોને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો. મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા.

**૨૬ સપ્ટેમ્બર, ગુરુવાર...** સવારે ઍલનટાઉન મંદિરે સંતો-ભક્તોને ગોષ્ઠિનો સરસ લાભ આપ્યો. મંગલપૂજા બાદ મંદિરમાં દર્શનાર્થે પધાર્યા. સાંજે મનહરભાઈ-મિન્તુબહેનના ઘરે તથા ભરતભાઈ-અમિષાબહેન કઢીવાલાના ઘરે પધરામણી કરી, ધૂન-ભજન-પ્રાર્થના તથા આરતી અર્પણ કરી. ત્યારબાદ સભામાં મૂકેશભાઈ કઢીવાલાની સ્મૃતિ કરી, તેમની ભાવના પ્રમાણે સમગ્ર કુટુંબ સંપ, એકતાથી જીવે ને સૌ ખૂબ સુખી બની રહે તે માટે ધૂન કરાવી આશીર્વાદ આપી ઍલનટાઉન મંદિરે પધાર્યા.

**૨૭ સપ્ટેમ્બર, શુક્રવાર...** સવારે ઍલનટાઉન મંદિરે 'સમર્પણ'માં અલ્પાહાર માટે પધાર્યા. ત્યાં રિન્કુબહેન-હર્ષદભાઈ (અમદાવાદ)ને આવકારી ગોષ્ઠિનો લાભ આપ્યો. ત્યારબાદ મંદિરમાં દર્શનાર્થે પધારી સૌ સ્થાનિક ભક્તોને બ્રહ્માનંદ કરાવ્યો. સૌની ભાવભરી વિદાય લઈ ઍલનટાઉન ઍરપૉર્ટથી મિલવૉકી જવા પ્રસ્થાન કર્યું. સાંજે મિલવૉકી ઍરપૉર્ટ પર સી. એમ. પટેલ અને ભક્તોએ સ્વાગત કર્યાં. ત્યાંથી મેકવાનમાં તેઓના ઘરે પધાર્યા. સ્વાગત-પૂજન બાદ સૌ ભક્તો, આમંત્રિત મહેમાનો, મિત્રો તથા સ્વાધ્યાય પરિવારના ભક્તોની સભામાં કીર્તન-ભક્તિ બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યના હેતુથી લઈને જીવનમાં પ્રગટ સત્પુરુષની અનિવાર્યતાની સુંદર સમજ સાથે રૂડા આશીર્વાદ આપ્યા. સભામાં બિમલભાઈ શેઠ-પૂજાબહેન, ડૉ. ભૂપેન્દ્રભાઈ ખત્રી, મહર્ષિ, હર્ષ આદિ ઘણા ભક્તો લાભ લેવા-દર્શનાર્થે પધાર્યા, તેઓ સૌને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૮ સપ્ટેમ્બર, શનિવાર...** મેકવાનમાં સી. એમ. પટેલ-પદ્માબહેનના ઘરમંદિરમાં ધૂન-પ્રાર્થના કરી, સૌ પરિવારજનોને આશીર્વાદ આપ્યા. ત્યાંથી ફોક્સપોઈન્ટમાં ડૉ. ભૂપેન્દ્રભાઈ ખત્રીના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી. ત્યાંથી શિકાગોમાં અનિશભાઈ ઠક્કર-નીતાબહેનના ઘરે પધાર્યા. સ્વાગત-પૂજન બાદ ધૂન-પ્રાર્થના કરી ડેસપ્લેઈન્સના મંદિર હૉલમાં પધાર્યા, જ્યાં પ.પૂ. દિનકરભાઈ, પૂ. વશીભાઈ અને સૌ ભક્તોએ આવકાર્યા, હૉલમાં સ્વાગત-પુષ્પાર્પણ થયાં. પ.પૂ. દિનકરભાઈના ૮૦મા પ્રાગટ્ય મહોત્સવ, સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્ય મહોત્સવ અને ૫૦મા વૈશ્વિક ધર્મયાત્રા વર્ષની ઉજવણી સમગ્ર યોગી ડિવાઇન સોસાયટી-શિકાગોના ભક્તોએ ખૂબ ભક્તિભાવે ને ઉમંગથી કરી. સભામાં સાહેબજીએ અદ્‌ભુત આશીર્વાદનો લાભ આપી સૌને ધન્ય કર્યાં. સભા બાદ સૌ ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપી દિવ્ય સ્મૃતિઓ આપી. ત્યાંથી રાત્રે ડૉ. જિતુભાઈ-રીટાબહેનના ઘરે પધારી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. બીજા દિવસે બૉસ્ટન જનાર સંતોને વિદાયની શુભેચ્છા ને આશિષ આપી.

**૨૯ સપ્ટેમ્બર, રવિવાર...** સવારે પૂજામાં ડૉ. જિતુભાઈ-રીટાબહેન, દિનેશકુમાર-દીપ્તિબહેન અને પરિવારને ગોષ્ઠિનો લાભ આપ્યો. ત્યારબાદ કાંતિભાઈ-જ્યોતિબહેન, અશોકભાઈ-જ્યોતિબહેન, મહેશભાઈ, મંજુમાસી આદિ સૌને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે શિકાગો ડાઉનટાઉનમાં અમિતભાઈ-ફાલ્ગુનીબહેન, જેસનભાઈ-સુચિબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી રાત્રે ચેતનભાઈ-અસ્મિતાબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી. યોગેશભાઈ (દિનકરભાઈના ભાણા)-સિદ્ધિને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો, આશીર્વાદ આપ્યા ને રાત્રિરોકાણ ડૉ. જિતુભાઈના ઘરે કર્યું.

**૩૦ સપ્ટેમ્બર, સોમવાર...** સવારે ડૉ. જિતુભાઈ-રીટાબહેન, અજય-અમિષા, મહર્ષિ, હર્ષ, દિનેશકુમાર-દીપ્તિબહેન અને પરિવારજનોને ગોષ્ઠિનો સરસ લાભ આપ્યો. ઘર મંદિરમાં આરતી અર્પણ કરી. ધૂન-પ્રાર્થના કરી શિકાગોથી ઍલનટાઉન જવા ઍરપૉર્ટ પધાર્યા. ઍલનટાઉન ઍરપૉર્ટથી મંદિરે પધાર્યા, જ્યાં ભક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં બાદ સભામાં પૂજન-પુષ્પહાર સ્વીકાર્યાં, ને સભામાં વિચરણનો અહેવાલ આપ્યો. સભામાં ભક્તોને ગોષ્ઠિ-આશીર્વાદનો લાભ આપ્યો. ◆

# સત્સંગ સમાચાર

### જળઝીલણી ઉત્સવ

* **ઉપાસના ધામ, વેમાર :** ભાદરવા સુદ એકાદશી, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ, વેમાર ખાતે જળઝીલણી ઉત્સવ, માસિક કીર્તન આરાધના અને સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના ૮૬મા પ્રાગટ્યપર્વના ત્રિવેણી ઉત્સવ-સંગમની અત્યંત ભક્તિભાવે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, પૂ. અરુણદાદા તથા સંતો અને મોટી સંખ્યામાં વડોદરા અને કાનમ પ્રદેશના ભક્તો પધાર્યા. યુવાનો દ્વારા કરાયેલ ઉત્સવનું સુશોભન અદ્‌ભુત હતું ! સભા પ્રારંભે સાધુ પૂ. હરેશદાસજી અને સૂરવૃંદ દ્વારા પ્રસંગને અનુરૂપ અદ્‌ભુત ભજનોનાં ગાન થયાં. સભામાં નાનાં દીકરા-દીકરીઓએ શ્રીજી મહારાજના પ્રસંગો કહી સૌને આનંદ કરાવ્યો. ચિંતનભાઈએ સ્વાગત પ્રવચન કર્યું. ગ્રીષ્માબહેન, આશિષભાઈ, ચંદ્રકાંતભાઈ, વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ મહિમાગાન પ્રવચન કર્યાં. મેહુલભાઈએ સૌ ભક્તોની સેવાને બિરદાવી આભાર માન્યો. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ સૌને આશીર્વાદ પાઠવ્યા.

૨૫ વર્ષ દરમિયાન વડોદરા મંડળ દ્વારા ઉજવાયેલ જળઝીલણી ઉત્સવની સ્મૃતિઓને એકત્ર કરી ઉત્સાહી યુવક વ્યોમ પટેલે તૈયાર કરેલ ૨૦ મિનિટના વિડિયોનાં સૌએ દર્શન કર્યાં. આ વિડિયોમાં અક્ષરધામનિવાસી સંતો-ભક્તો તથા વિશેષ વડોદરા પ્રદેશના પ્રમુખ-અ.નિ. અશ્વિનભાઈ-પ્રમુખની વિવિધ સ્મૃતિઓનાં દર્શન કરાવી, તેઓ સૌને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

સૌ પ્રથમ સંતો દ્વારા કલાત્મક નૌકામાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન થયાં, આરતી અર્પણ કરવામાં આવી. ત્યારબાદ શ્રી ઠાકોરજી મહારાજને જળવિહાર કરાવી સૌ સંતો-ભક્તોએ ધન્યતા અનુભવી. વડોદરા પ્રદેશના પ્રાદેશિક સંત પૂ. રમેશદાસજી-કપિલ, પૂ. હરેશદાસજી અને કાનમ પ્રદેશના પ્રાદેશિક સંત પૂ. મણિલાલદાસજી અને પૂ. સતીશદાસજીનાં માર્ગદર્શન મુજબ સૌએ ભેગાં મળીને સંપ, સુહૃદભાવ અને એકતાના સિદ્ધાંતે અદ્‌ભુત સેવા-ભક્તિ અર્પણ કરી. આ પ્રસંગે પધારેલ સૌને અત્યંત આનંદની અનુભૂતિ થઈ. ◆

* **ઉપાસના ધામ, અમદાવાદ :** ૧૪ સપ્ટેમ્બર, શનિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજીનાં સાંનિધ્યે જળઝીલણી ઉત્સવ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. સભા પ્રારંભે સૂરવૃંદ દ્વારા ઉત્સવને અનુરૂપ કીર્તનો અર્પણ થયાં. પૂ. અશ્વિનદાદાએ અમદાવાદના ભક્તો પર આશીર્વાદ રૂપે લખી મોકલાવેલ પત્રનું વાંચન ચેતનભાઈએ કર્યું. સાધુ પૂ. ગૌતમદાસજીએ અદ્‌ભુત આશીર્વાદ આપ્યા.

અમેરિકાના પિયોરિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લઈને પરત પધારેલાં દ્વિજેનભાઈ-સમીરાબહેન અને સંગીતાબહેન મોદીનાં સ્વાગત કરાયાં. સભા બાદ મંદિરના પ્રાંગણમાં તૈયાર કરાયેલ વિશાળ જળકુંડમાં શ્રી ઠાકોરજીને જળવિહાર માટે સુંદર નૌકામાં બિરાજમાન કરવામાં આવ્યા. સાધુ પૂ. પ્રિયકાન્તદાસજીએ શ્રી ઠાકોરજીનાં પૂજન કર્યાં. સંતો અને વડીલોએ શ્રી ઠાકોરજીની મૂર્તિ પર જળ-અભિષેક કર્યો



ઉપાસના ધામ-વેમાર મંદિરે જળઝીલણી ઉત્સવમાં સંમિલિત સંતો-ભક્તો



ઉપાસના ધામ-અમદાવાદ મંદિરે સંતો દ્વારા શ્રી ઠાકોરજીને જળકુંડમાં જળવિહાર

અને સંતો-ભાઈઓ-બહેનોએ સમૂહ આરતીનો લાભ લીધો. ઉત્સવને અનુરૂપ તૈયારીઓ, સુશોભન અને પ્રસાદ સહિત અન્ય વ્યવસ્થા યુવાનેતા દિવ્યાંગભાઈનાં માર્ગદર્શન મુજબ સૌ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી. ◆

*** ગુરુસભા :** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે દર ગુરુવારે યોજાતી યુવાનોની અઠવાડિક સત્સંગસભામાં જળઝીલણી ઉત્સવ સદ્‌ગુરુ સંતોની પવિત્ર સન્નિધિમાં ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ઉજવાયો. આ ઉત્સવ નિમિત્તે યોગી વિદ્યાપીઠના સભાખંડમાં વિશાળ જળકુંડ તૈયાર કરવામાં આવ્યો. સુંદર કલાત્મક નૌકામાં શ્રીજી મહારાજને ગુણાતીત સ્વરૂપો સાથે મૂર્તિસ્વરૂપે બિરાજમાન કર્યા. યુવાનોએ ઉત્સવ અનુરૂપ કીર્તનગાન કર્યાં અને પ્રાસંગિક મહિમાને વર્ણવ્યો. અમેરિકાથી પધારેલા અક્ષરમુક્ત રાજાભાઈએ મહિમાગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા અને સંતોનાં માર્ગદર્શને સેવા કરતા તથા સત્સંગના પાઠ પાકા કરતા યુવાનોની ભક્તિને બિરદાવી ઉત્સવહાર્દ સમજાવ્યો. જળકુંડમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજને સંતો દ્વારા મંત્ર-પુષ્પાંજલિ અને આરતી અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંતો, યુવાનો અને આણંદ, વલ્લભવિદ્યાનગર, મોગરી મંડળના ભક્તો પધાર્યા, તે સૌએ શ્રી ઠાકોરજીના જળ-અભિષેક કરી, જળવિહાર કરાવવાનો ભક્તિભાવે લાભ લીધો. ◆

*** ભીંગરાડ :** ભીંગરાડ ગામના ભક્તોએ જળઝીલણી એકાદશી ઉત્સવ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવારના રોજ ઊજવી ભક્તિ અદા કરી. સભામાં ઉત્સવનાં કીર્તનોની રમઝટ બોલાવી. શ્રી ઠાકોરજીને થાળ-આરતી અર્પણ કર્યાં. ઉત્સવના મહિમાને સમજ્યા બાદ ઉપસ્થિત સૌ ભક્તોએ શ્રી ઠાકોરજીની નાવને જળાશયમાં વિહાર કરાવી ભક્તિનો પરમ આનંદ માણ્યો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તોએ અત્યંત આનંદની અનુભૂતિ કરી. અમિષાબહેનનાં માર્ગદર્શન મુજબ સૌ મુક્તોએ સઘળી વ્યવસ્થામાં ભક્તિભાવે સાથ આપ્યો. ભીંગરાડમાં મંદિર અને સંતોના સમાગમને પરિણામે સૌમાં ભક્તિ કરવાનો અનેરો ઉમંગ છે. આવા ઉત્સવો અને નિયમિત યોજાતી અઠવાડિક સત્સંગસભામાં વહેતી ભક્તિથી સંતભગવંત સાહેબજી અને સંતો મંડળના ભક્તો પર અત્યંત પ્રસન્નતા વરસાવે છે. જળઝીલણી ઉત્સવમાં અદા થયેલી ભક્તિને બિરદાવી સંતોએ પ્રભુ પ્રસન્ન કરવાના માર્ગે બળ પ્રદાન કર્યાં. ◆

*** ઍલનટાઉન :** અમેરિકામાં પૅન્સિલવેનિયાના ઍલનટાઉન સ્થિત અનુપમ મિશનના મંદિરે સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવારે જળઝીલણી ઉત્સવ ભક્તિઉમંગ સાથે ઉજવાયો. આ નિમિત્તે મંદિરના પ્રાંગણની લોનમાં વિશાળ કલાત્મક જળકુંડ તૈયાર કરવામાં આવ્યો. સુંદર સુશોભિત નૌકામાં શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિ પધરાવી. સભા પ્રારંભે સૂરવૃંદ દ્વારા મધુર કીર્તનગાન થયાં. બાળકો-યુવાનોએ મહિમાસભર વક્તવ્ય રજૂ કર્યાં. ઉત્સવ આનંદને અનુરૂપ નૃત્યભક્તિ અદા કરી બાળકો-યુવાનોએ સૌનાં દિલ જીતી લીધાં. વડીલ સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ પ્રાસંગિક પ્રવચન કરી ઉત્સવ મહિમા વર્ણવ્યો. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં. ત્યારબાદ સંતોએ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી, આરતી અને થાળ અર્પણ કર્યાં. સંતભગવંત સાહેબજી સાથે સૌ સંતોએ મૂર્તિના જળ-અભિષેક કરી શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવ્યો. ત્યારબાદ સર્વ ઉપસ્થિત બહેનો અને ભાઈઓએ શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવી ભક્તિ અદા કરી. ઉત્સવની અદ્‌ભુત સ્મૃતિ હૈયે ભરી સૌ વિસર્જિત થયાં. ◆



ગુરુસભામાં જળઝીલણી ઉત્સવમાં સંમિલિત સંતો-ભક્તો



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવતા સંતભગવંત સાહેબજી

## સમૂહ મહાપૂજા

શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજીની પરમ કૃપાથી ભાવનગર મંડળની સમૂહ મહાપૂજા મંડળના સક્રિય કાર્યકર્તા કાજલબહેન જાનીના નિવાસે ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ યોજાઈ. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી વડીલ સાધુ પૂ. ભરતદાસજી તેમજ અમદાવાદથી ડૉ. પાર્થિવભાઈ-ડૉ. શ્રુતિબહેન મહેતા અને તેઓનાં માતુશ્રી માલતીબા, હસમુખભાઈ આદિ ભાવનગર પધાર્યાં.

પ્રથમ સર્વે હરિભક્તો સેવામાં જોડાયા અને પછી અત્યંત ભાવ સાથે મહાપૂજાવિધિ કરવા યજમાનપદે બિરાજ્યા. હસમુખભાઈએ અત્યંત ભક્તિભાવે મહાપૂજાવિધિ કરાવી. ખૂબ શ્રદ્ધા સાથે સૌએ પ્રભુની પૂજા કરી પ્રાર્થનાઓ ધરી. સમૂહ મહાપૂજા બાદ તેજસ્વી દીકરા-દીકરીઓને અનુપમ મિશન દ્વારા અપાતા 'પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી કેળવણી કૌશલ્ય પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા. મહાપૂજામાં ઉપસ્થિત અન્ય સૌ દીકરા-દીકરીઓને પણ ભેટ અર્પણ કરવામાં આવી. ત્યારબાદ ભાવનગરના ભક્તિવંત યુવાન કશ્યપ ઠક્કરે 'વચનામૃત ગઢડા પ્રથમ ૧૬-વિવેકનું'નો મુખપાઠ પ્રસ્તુત કરીને વિશિષ્ટ ભક્તિ અદા કરી. અમદાવાદથી પધારેલ ડૉ. પાર્થિવભાઈ-ડૉ. શ્રુતિબહેન મહેતાએ સંતભગવંત સાહેબજી, સંતો-ભક્તો અને સત્સંગના મહિમાની ખૂબ જ સુંદર વાતો કરી અને સાધુ પૂ. ભરતદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની સેવા-ભક્તિને બિરદાવી સત્સંગમાર્ગે આગળ વધવા બળ પૂરું પાડ્યું. ◆

## સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા પ્રાગટ્યપર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** યોગીજી મહારાજના દિવ્ય અનુપમ સર્જન, સંતભગવંત સાહેબજીના આત્મીય ભેરુ, દાસત્વભાવના મૂર્તિમાન સ્વરૂપ એવા અનુપમ મિશનના સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનો ૮૬મો પ્રાગટ્યદિન તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભક્તિભાવે ઉજવાયો. આ મંગલદિને સાંજે 'અક્ષરમહોલ'માં માહાત્મ્યદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું. પૂજન અને પુષ્પહાર દ્વારા વંદન કરાયાં. સાધુ પૂ. ઘનશ્યામદાસજી (બિરલા), પૂ. નરેન્દ્રદાસજી, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને સીમાબહેને સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના અદ્‌ભુત મહિમાની તેમજ તેઓના જીવનના પ્રેરક પ્રસંગોની સુંદર વાતો કરી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં.

૨૨ સપ્ટેમ્બર, રવિવારના રોજ સવારે તેઓના પ્રાગટ્યપર્વની ભવ્ય ઉજવણી 'યોગીપ્રસાદ'ના સભાગૃહમાં કરવામાં આવી. આ પ્રસંગે અનુપમ મિશનનાં વિવિધ મંડળોમાંથી મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ભક્તિવંદના ધરી. સભાગૃહમાં સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા પૂ. હર્ષદદાદા સાથે મુખ્ય પથ પરથી મંચ સુધી પધાર્યા ત્યારે પથની બંને બાજુએ ભક્તોએ પુષ્પો પધરાવી, સંગીતના તાલે ધજાઓ લહેરાવી વિશિષ્ટ રીતે સ્વાગત કર્યું. પૂ. રતિકાકા તથા મંચસ્થ સૌનાં પૂજન કરી પુષ્પહાર અર્પણ થયા. આ પ્રસંગે ગુણાતીત જ્યોતમાંથી પધારેલાં ડૉ. વીણાબહેન, ડૉ. નીલમબહેન તથા સંત બહેનો અને પૂ. ઈલેશભાઈ, પૂ. શાહભાઈ તેમજ ગુણાતીત પ્રકાશના ભાઈઓનાં પણ સ્વાગત કરાયાં. સાધુ પૂ. સરજુદાસજીએ પૂ. રતિકાકાના દિવ્ય જીવનની સુંદર વાતો કરી. સભા પ્રારંભે માવતરસમ ભક્તો જ્યોતિબહેન પોપટ અને સુવર્ણાબહેન કદમના ૭૫મા જન્મદિન તેમજ ડૉ. પાર્થિવભાઈ મહેતાનાં માતુશ્રી માલતીબાના ૮૦મા જન્મદિન નિમિત્તે શુભકામનાઓ અને વંદનાઓ પાઠવવામાં આવી.

સાધુ પૂ. પીટરદાસજી, ચંદ્રકાંતભાઈ પટેલ (વેમાર), સાધુ પૂ. રાજુદાસજી, સીમાબહેન, મોગરી ગામના પૂર્વ સરપંચ અને આગેવાન સુનીલભાઈ પટેલ, સાધુ પૂ. રમેશદાસજી, વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ પૂ. રતિકાકાના મહિમાનું અદ્‌ભુત ગાન કરી, તેઓનાં વિવિધ ક્ષેત્રે સેવાકાર્યો, દાસભાવ, સાધુતા અને અલૌકિક ભક્તિભાવનાં સુંદર દર્શન કરાવ્યાં અને પૂ. રતિકાકા સાથેના અનુભવોનાં અદ્‌ભુત દર્શન કરાવી સૌ સંતો-ભક્તોએ પ્રેરણાનાં પુષ્પો વહેંચ્યાં. સભામાં ઉપસ્થિત દેશ-વિદેશનાં વિવિધ સત્સંગમંડળો તથા સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સોખડા અને મોગરી ગામના આગેવાનોએ કલાત્મક



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પ્રાગટ્યપર્વની સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનાં આશીર્દાન

હાર, સ્મૃતિભેટ પાઠવી ભાવાર્પણ ધર્યા. સંતભગવંત સાહેબજીના પ્રિરેકોર્ડ ઑડિયો આશીર્વાદનાં શ્રવણ કરી સૌ ધન્ય થયાં. પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌએ દાખવેલ પ્રેમ પ્રતિ આભાર વ્યક્ત કર્યો અને સાહેબજીની અનુવૃત્તિ પ્રમાણે સેવા-ભક્તિ કરવા માર્ગદર્શન આપ્યું. ◆

*** પ્રજ્ઞાનતીર્થ :** ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવારના રોજ 'યોગી વિદ્યાપીઠ'ની વિવિધ વિદ્યાસંસ્થાઓ દ્વારા પ્રજ્ઞાન તીર્થ ખાતે કુલગુરુ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનો ૮૬મો પ્રાગટ્યદિન અપાર ભક્તિભાવે ઉજવાયો. આ નિમિત્તે સુંદર માહાત્મ્યદર્શન સભાનું આયોજન કરાયું, જેમાં પૂ. રતિકાકા પ્રતિના પ્રેમને વ્યક્ત કરવા સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદા, પૂ. અરુણદાદા, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, અનુપમ મિશનના વ્રતધારી સંતો, ભક્તો તથા મોગરી અને નડિયાદ સ્થિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાસંસ્થાઓના સારસ્વતોએ ઉપસ્થિત રહી ઉજવણીમાં અનેરો સહભાગ આપ્યો. સભાનો પ્રારંભ પ્રાર્થના દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ વિડિયોદર્શન દ્વારા સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનાં દિવ્ય જીવન અને ભક્તિકાર્યોના મહિમા-પ્રસંગોને માણ્યા તેમજ માહાત્મ્યસભર દાસત્વભક્તિના અનુભવ કર્યા. જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના શિક્ષક મેહુલભાઈ મકવાણાએ પૂ. રતિકાકાના મહિમાને વર્ણવતી કાવ્યપંક્તિઓ પ્રસ્તુત કરી. સાધુ પૂ. સુનીલદાસજીએ પૂ. રતિકાકાના નિરામય દીર્ઘાયુ માટે પ્રાર્થનાઓ કરી. પૂ. રતિકાકાની અલૌકિક અવસ્થાનાં દર્શન યોગી વિદ્યાપીઠના ચિફ ઍક્ઝિક્યૂટિવ ડિરેક્ટર ડૉ. એન. સી. પટેલે કરાવ્યાં.

અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ, ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર, આનંદ બાલવાડી, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મિત્ર પુનર્વસન કેન્દ્ર, સહજાનંદ કલાસાધના તીર્થના સૌ પ્રતિનિધિઓએ પૂ. રતિકાકાને ભાવાર્પણ કરી હૃદયવંદન ધર્યાં. આ પ્રસંગે અનુપમ મિશનનાં સમર્પિત ભક્ત અને શૈક્ષણિક સેવાઓમાં હોમાઈ જનાર સુવર્ણાબહેનને તેઓના ૭૫મા જન્મદિવસે ભાવાર્પણ ધરી, તેઓની સેવાને બિરદાવવામાં આવી. તેઓએ પ્રાસંગિક મહિમા ગાઈને આશિષયાચના કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. ◆

**ગુરુસભા :** ૧૯ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે કાર્યરત યુવાનોની અઠવાડિક સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના પ્રાગટ્યપર્વની ભક્તિસંપન્ન ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે યુવાનોની સાથે આણંદ, વલ્લભવિદ્યાનગર, કરમસદ અને મોગરી મંડળના ગૃહસ્થ હરિભક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા. પૂ. રતિકાકાનાં પૂજન અને પુષ્પહાર દ્વારા ભાવાર્પણ કરાયા બાદ અલ્કેશભાઈ પટેલે પૂ. રતિકાકા સાથેના અનુભવો વર્ણવી મહિમાગાન કર્યાં. સાધુ પૂ. પરેશદાસજીએ સંસ્મરણો વાગોળી પૂ. રતિકાકાનાં અદ્‌ભુત જીવન અને ભક્તિકાર્યોની સ્મૃતિ કરાવી. પૂ. રતિકાકાને પ્રિય કીર્તનોનાં ગાન કરી યુવાનોએ વિશિષ્ટ ભક્તિ અદા કરી. પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી સૌને સંતભગવંત સાહેબજીનો મહિમા દૃઢ કરાવ્યો. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાના ૮૬મા પ્રાગટ્યદિનની ભવ્ય ઉજવણી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૪, રવિવારના દિવસે ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સપ્ટેમ્બર મહિનાની માસિક કીર્તન આરાધનાની સાથે કરવામાં આવી. આ પ્રસંગે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી ઉપરાંત બ્રહ્મજ્યોતિથી પધારેલ વડીલ સાધુ પૂ. ભરતદાસજી, પૂ. હરેશદાસજી, પૂ. નિખિલદાસજી, પૂ. સંજયદાસજી, પૂ. સરજુદાસજી અને પૂ. ગૌરવદાસજી આદિ સંતોનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થયું.




પ્રજ્ઞાનતીર્થ ખાતે પ્રાગટ્યપર્વની સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનાં આશીર્દાન



ગુરુસભામાં પ્રાગટ્યપર્વની ઉજવણી પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનાં આશીર્દાન

યુવાનો દ્વારા પૂ. રતિકાકાના દાસત્વભાવનાં દર્શન કરાવતા 'હા...જી' જીવનસૂત્ર પર આધારિત સુશોભન કરવામાં આવ્યું. આ પ્રસંગે સાધુ પૂ. હરેશદાસજી, પૂ. સરજુદાસજી અને સૂરવૃંદે કીર્તનો પ્રસ્તુત કરી સૌને ભક્તિમાં તરબોળ કરી દીધાં. સાધુ પૂ. સરજુદાસજી અને પૂ. હરેશદાસજીએ પૂ. રતિકાકાનાં જીવન-માહાત્મ્યનું દર્શન કરાવ્યું. સાધુ પૂ. ગૌતમદાસજીએ મહિમાગાન સાથે આશીર્વાદ આપ્યા. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી પ્રેરણા ઝીલી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. ◆

*** ઉપાસના ધામ, સુરત :** ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવારના રોજ ઉપાસના ધામ, સુરત મંદિરે વહાલા સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાનો ૮૬મો પ્રાગટ્યોત્સવ તેમજ જળઝીલણીનો પાવન ઉત્સવ સંતોનાં સાંનિધ્યમાં ઊજવવામાં આવ્યો. આ અવસરે દક્ષિણ ગુજરાત પ્રદેશના પ્રાદેશિક સાધુ પૂ. રમેશદાસજી, પૂ. દિવ્યેશદાસજી અને પૂ. અનિલદાસજી પધાર્યા. સ્થાનિક સાધુ પૂ. કાનજીદાદાએ શબ્દોથી સૌ સંતોનું સ્વાગત કરી મહિમાગાન કર્યું. રોહિતભાઈએ પૂ. રતિકાકાના મહિમાની સુંદર વાતો કરી. વિદેશની ધર્મયાત્રા કરીને સાધુ પૂ. રમેશદાસજી સુરત પધાર્યા હોવાથી તેઓનું સ્વાગત કરાયું. તેઓએ પૂ. રતિકાકાનાં માહાત્મ્યની હૃદયસ્પર્શી વાતો કરી. સાધુ પૂ. અનિલદાસજી, પૂ. દિવ્યેશદાસજીએ પણ મહિમાસભર વાતો કરી સૌને સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો.

જળઝીલણી ઉત્સવ નિમિત્તે સાધુ પૂ. કાનજીદાદા તેમજ સમજુબાએ શ્રી ઠાકોરજી મહારાજનું પૂજન કરી પુષ્પમાળ ને આરતી અર્પણ કરી. સર્વ સંતોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રી ઠાકોરજીને જળવિહાર કરાવ્યો. અંતે સર્વ ભાઈઓ અને બહેનોએ વારાફરતી શ્રી ઠાકોરજી મહારાજને નૌકાવિહાર કરાવવાનો લાભ પ્રાપ્ત કર્યો. ◆

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં સ્વાગત

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સાડા ત્રણ માસની અમેરિકા, કૅનેડા, ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ દેશોની ધર્મયાત્રા સંપન્ન કરી, અનેક ભક્તોને સંબંધ આપી, સૌના પ્રશ્નોનાં આધ્યાત્મિક સમાધાન આપી, સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી અને જીવન ભક્તિમય બને તેનાં દિવ્ય માર્ગદર્શન આપી ૩ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ સાધુ પૂ. મૂકેશદાસજી અને યોગેન્દ્રભાઈ સાથે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. બપોરે તેઓ પધાર્યા ત્યારે સંતોએ સાધક નિવાસ 'પરિમલ'ના આંગણે ભાવભર્યાં સ્વાગત કર્યાં. પછી સાંજે તેઓ વિશિષ્ટ રીતે સુશોભિત કરેલ કલાત્મક રથમાં બિરાજી મંદિરજીના મુખ્ય પ્રવેશદ્વારથી મંદિરજી સુધી પધાર્યા ત્યારે સૌ સંતો-ભક્તોએ મંદિરજીના પ્રાંગણમાં ધજાઓ લહેરાવી, પુષ્પો વરસાવી અને બહેનોએ ગરબાના તાલે ઝૂમીને ભક્તિભીનાં સ્વાગત કર્યાં. રાત્રે 'યોગીપ્રસાદ'ના સભાખંડમાં સ્વાગતસભા યોજાઈ. પૂજન અને પુષ્પહાર અર્પણ કર્યા બાદ સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ સ્વાગત પ્રવચન કર્યું. સાધુ પૂ. પીટરદાસજી અને સભાસંચાલક સાધુ પૂ. સરજુદાસજીએ સદ્‌ગુરુ સંતોનાં કલ્યાણકારી વિચરણ, તેઓની ગુણાતીતસ્થિતિ અને બ્રાહ્મીશક્તિનાં સુંદર વર્ણન કર્યાં. ધર્મયાત્રા દરમિયાન પૂ. અશ્વિનદાદાની સેવામાં પ્રવૃત્ત સાધુ પૂ. મૂકેશદાસજીએ યાત્રાનાં દિવ્ય સંસ્મરણો અને પૂ. અશ્વિનદાદાની ગુરુભક્તિના અનુભવો વાગોળ્યા. ત્યારબાદ યોગેન્દ્રભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી મહિમાગાન કર્યું. અંતે પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને સંતભગવંત સાહેબજીનાં ભવ્ય યુગકાર્યની ઝાંખી કરાવી. દિવ્ય અનુપમ લાભ પામી સૌ ભક્તો અપાર આનંદે સભર બન્યા. ◆



ઉપાસના ધામ-અમદાવાદ મંદિરે પૂ. રતિકાકાના પ્રાગટ્યદિનની ઉજવણી



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરીમાં સ્વાગત



સાનફ્રાન્સિસ્કોથી વિદાય પૂર્વે મંડળના સૌ ભક્તોને સંતભગવંત સાહેબજીના આશીર્વાદ



નોરવૉક-લૉસ ઍન્જલસ મંદિરે સભામાં સંતભગવંત સાહેબજીના આશીર્વાદ




રિચમંડ મંદિરે મહાપૂજામાં સંતભગવંત સાહેબજીના આશીર્વાદ



મિલવૉકી-યુ.એસ.એ. મંડળની સભામાં સંતભગવંત સાહેબજીના આશીર્વાદ




શિકાગો-યુ.એસ.એ.માં પ.પૂ. દિનકર અંકલના ૮૦મા તથા સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યોત્સવ પ્રસંગે સાહેબજીનાં પૂજન-અભિવાદન... આશીર્દાન



સિડનીમાં આયોજિત 'નેશનલ યૂથ અને કિડ્સ શિબિર'માં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી તથા સંતોનાં દિવ્ય સાંનિધ્યે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝિલૅન્ડના શિબિરાર્થી અક્ષરમુક્તો



॥ સ્વામિશ્રીજી ॥

# ભાવભર્યું નિમંત્રણ !



આવો ! પધારો ! આનંદો !

**શ્રી ઠાકોરજીમહારાજ અને સંતભગવંત સાહેબજીની સંનિધિમાં**

આ દીપોત્સવીએ આતમ આંગણું દિવ્ય પ્રકાશે અજવાળીએ !

નૂતનવર્ષને દિવ્ય સંકલ્પ-પ્રાર્થનાથી આવકારીએ ! સંતો અને દિવ્ય અક્ષરમુક્તોનાં દર્શને આનંદીએ !

બ્રહ્મજ્યોતિમાં બ્રહ્મસ્પર્શ માણી ધન્ય થઈએ !

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં પ્રકાશપર્વો !



**૨૭ ઑક્ટોબર ૨૦૨૪, રવિવાર**

આસો વદ એકાદશી, વૃદ્ધિતિથિ

સાંજે ૬.૦૦ વાગ્યે : **શ્રી દીપોત્સવ ઉદ્‌ઘાટન**



**૨૮ ઑક્ટોબર ૨૦૨૪, સોમવાર**

રમા એકાદશી, આસો વદ બારશ, વાઘબારશ

સાંજે ૬.૦૦ વાગ્યે : **સદ્‌ગુરુ સંત પ્રાગટ્યોત્સવ**



**૨૯ ઑક્ટોબર ૨૦૨૪, મંગળવાર**

આસો વદ તેરશ, ધનતેરશ

સાંજે ૬.૦૦ વાગ્યે : **શ્રી લક્ષ્મી પૂજન**



**૩૦ ઑક્ટોબર ૨૦૨૪, બુધવાર**

આસો વદ ચૌદશ, કાળી ચૌદશ

સાંજે ૬.૦૦ વાગ્યે : **સદ્‌ગુરુ સંત પ્રાગટ્યોત્સવ**



**૩૧ ઑક્ટોબર ૨૦૨૪, ગુરુવાર**

દીપાવલિ, દિવાળી

સાંજે ૦૬.૦૦ વાગ્યે : **શ્રી શારદા પૂજન**



**૧ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર**

આસો વદ અમાસ, દર્શ અમાસ

સાંજે ૬.૦૦ વાગ્યે : **સંતભગવંત સાહેબદાદા સ્વાગતોત્સવ**





**૨ નવેમ્બર ૨૦૨૪, શનિવાર**

કારતક સુદ પડવો, નૂતનવર્ષ ૨૦૮૧

સવારે ૯.૦૦ વાગ્યે : **નૂતનવર્ષ મંગલમિલન સભા** || સવારે ૧૦:૩૦ વાગ્યે : **અન્નકૂટોત્સવ, થાળ, આરતી**

**નમ્ર નિવેદન :**

૧. શ્રી સરસ્વતીપૂજન માટે ચોપડા સવેળા બ્રહ્મજ્યોતિ પહોંચાડશો તેવી વિનંતી !

૨. દીપોત્સવી દરમિયાન આપ બ્રહ્મજ્યોતિમાં રોકાણ કરવા ઈચ્છતા હો તો આપ આપના મંડળસંચાલકશ્રી દ્વારા આપના આગમન તેમજ પ્રસ્થાનની વિગત અમને ૨૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં જણાવશો તેવી નમ્ર વિનંતી !

ROUTE MAP

**Regd. News Paper / Air Mail / Book Post**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-10-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

To,

If Undelivered Please return to :

Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,

Gujarat, India * Phone : (02692) 230483, 230544

email : amindia@anoopam.org * website: www.anoopam.org